
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ જુલાઈ, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૦૭



સ્થિતિ કા દાન કરને કો, ગુરુજી ખાસ પધારે હૈ...




















(૧-૩) AYP કેમ્પમાં લાભ (૪) ઘનશ્યામનગર બાળ પ્રવાસમાં લાભ (૫-૬) વૅકેશન કિશોર શિબિરમાં લાભ (૭-૮) સ્વા. ધામ ખાતે પધરામણીમાં લાભ આપતા વ્હાલા ગુરુજી

# ઘનશ્યામ

**૧૦ જુલાઈ, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૭**

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ

# GHANSHYAM

**10 July, 2023 • Year : 48 • Edition : 07**


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

**ઘરે બેઠા ઓનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો : ૯૪૦૮૩૨૦૦૩૬**



## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી
૦૬ વળી સમે સમે સંભાળ જાણો કરે હરિજનની રે
૦૮ દૈહિક રોગોમાં સંભાળ લઈ દુઃખ ટાળ્યું
૧૧ પરિવારના મોભી બન્યા
૧૩ પરભાવી સ્વરૂપે આપ્યું વ્યવહારિક માર્ગદર્શન
૧૬ કરુણાસાગરની કરુણાએ મારું ભાવિ ઊજળું થયું
૧૯ ચૈતન્યના સાચા સંગાથી



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org | Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૨૪ + ૪ ટાઈટલ = ૨૮

**કારણ સત્સંગ એટલે મૂર્તિમાં રહ્યાનો સત્સંગ. મૂર્તિમાં રહેતા આવડે એને જ કારણ સત્સંગી કહેવાય. જેને મરજીમાં રહેતા આવડે એને જ મૂર્તિમાં રહેતા આવડે. અર્થાત્ મૂર્તિમાં રહેવા માટેની લાયકાત એટલે મરજીમાં રહેવું. સત્સંગમાં આવ્યા પછી પોતાની મરજી, ગમતું, ધાર્યું છોડી ભગવાન, સત્પુરુષ અને સંતો-ભક્તોની મરજીમાં, ગમતામાં રહેવું એ જ સત્સંગનો સાર છે. મરજીમાં રહેવાનું મહત્ત્વ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૪-૬-૨૦૨૩ની પૂનમ સભામાં જણાવ્યું હતું તેને વાગોળીએ.**

**ગઢડા પ્રથમનું ૧૫મું વચનામૃત :**
**સ્વામિનારાયણ હરે,**

**"જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, ભગવાન તથા સંત તે મુને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે, એમ તેના હૈયામાં હિંમત રહે, અને આટલું વચન મુથી મનાશે ને આટલું નહિ મનાય એવું વચન તો ભૂલે પણ ન કહે."**

અર્થાત્ જેના હૈયામાં ભગવાન અને સંતનું મહાત્મ્ય હોય તેને નિરંતર એમ અનુસંધાન રહે કે મારે એમની આજ્ઞા-રુચિ-મરજી-ગમતા પ્રમાણે જ રહેવું છે. પણ મનધાર્યું કરવાના સ્વભાવને લીધે મહારાજ તથા મોટાની મરજી સમજી ન શકાય. આપણું ધાર્યું એમની પાસે કરાવીએ. જેથી એમનો અંતરનો રાજીપો ન થાય. જે મરજીમાં વર્તે તેના પર વગર કહ્યે રાજીપાનો કળશ ઢોળાઈ જાય.

તા. ૧-૬-૨૦૨૩ના રોજ પ્રિ-મુમુક્ષુ કેમ્પ શરૂ થયો. વ્હાલા ગુરુજીએ તા. ૨-૬-૨૦૨૩ના રોજ દુબઈના અલ્કેશભાઈને ફોન કર્યો ને કહ્યું, "દયાળુ, સાંભળ્યું છે કે તમે રાજસ્થાન આવ્યા છો. જો અહીં જ હોય તો ગાંધીનગર પ્રત્યક્ષ કેમ્પનો લાભ લેવા પધારો તો વધુ સુખ મળે. હું બે દિવસથી તમને ઑનલાઇન સભામાં જોડાયેલા જોઉં છું. પણ પ્રત્યક્ષના લાભ જેવું સુખ ન આવે." એ વખતે રાત્રિના ૯ વાગ્યા હતા. તેમણે કહ્યું, "ગુરુજી, રાજી રહેજો. ઑફિસના કામ માટે થઈ દુબઈ પરત આવવું પડ્યું છે." બીજા દિવસે સવારે ગુરુજી મંગળા આરતીમાં પધાર્યા ત્યારે ત્યાં અલ્કેશભાઈને પહેલી લાઇનમાં બેઠેલા જોયા. તેમને મરજી જાણી પ્રત્યક્ષ લાભ લેવા આવેલા જોઈ ગુરુજી અંતરથી ખૂબ રાજી થઈ ગયા.

એક વખત શ્રીજીમહારાજ વડતાલ બિરાજેલા. ત્યાં ઉમરેઠના રૂપરામ ઠાકર તથા નંદુભાઈ ઠાકર બંને ભાઈઓએ આવી મહારાજને પ્રાર્થના કરી, "આપની કૃપાથી ઘરે સો આંબાનું આંબાવાડિયું છે. મીઠી કેસર કેરી છે. આપ સંતો-ભક્તોને લઈ ઉમરેઠ પધારો ને કેરીનો રસ જમાડો." એક દિવસ મહારાજ સંતોને લઈ ઉમરેઠ પધાર્યા. રૂપરામ ઠાકરે મહારાજને કહ્યું, "મહારાજ, ઘણો રસ કઢાવ્યો છે. આઠ વખત સંતોની પંગતમાં પીરસવાનો છે. ઘરના આંબાની કેરીનો રસ છે." મહારાજે કહ્યું, "ભલે." સંતોની પંગત પડી. મહારાજે રસ પીરસ્યો. સંતોએ જ્યાં પહેલો ઘૂંટડો મોંમાં મૂક્યો ત્યાં તો સંતોનાં મોં બગડવા લાગ્યાં. મહારાજ સમજી ગયા કે રસ ખાટો છે. એટલે રૂપરામ ઠાકરને વાત કરી કે, "ભગત, રસ જરા ખાટો હોય એવું જણાય છે. થોડી સાકર-ખાંડ દળેલી હોય તો હજુય રસમાં નાખી દઈએ. આવો ખાટો રસ આઠ વખત સંતો જમશે કેવી રીતે ?" રૂપરામ ઠાકરે કહ્યું, "એ વાત રહેવા દો મહારાજ. મીઠી દ્રાક્ષ જેવી કેરી છે. મારા ઘરના આંબાની કેરી છે. ખાટી ન હોય. એમાં ખાંડ નાખીએ તો અમારી આબરૂ જાય." મહારાજે ઘણું મનાવ્યા છતાં ન માન્યા. અંતે મહારાજે પરાણે માંડ બે વખત સંતોને રસ પીરસ્યો. પછી સંતોએ રસ લેવાની ના પાડી. મહારાજે પણ છેલ્લે ખાટો રસ પીને વડતાલ તરફ પ્રયાણ કર્યું.

મહારાજ અને સંતોના ગયા બાદ રૂપરામ ઠાકર ઘરના સભ્યો સાથે જમાડવા બેઠા. રસનો ઘૂંટડો ભરતાં જ 'અરરર... આટલો ખાટો રસ !! મેં મહારાજનું અલ્પ ન માન્યું ? મહારાજ અને સંતોને ખાટો રસ પિવડાવ્યો ?' પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. મારતે ઘોડે પાછળ ગયા. આડા ઊભા રહ્યા. માફી માગી ને પ્રાર્થના કરી, "પાછા વળો, ખાંડ નાખી રસ ફરી ધરાવો." ત્યારે મહારાજે કહ્યું, "ભગત, રાઈના ભાવ રાતમાં ગયા ! હવે આવતા ઉનાળે આવીશું." આપણે પણ સત્સંગમાં આવા પ્રેમી ન બનતાં સમજણવાળા થવું. મહારાજ-મોટાની મરજીને સમયે સમજી તે પ્રમાણે વર્તવાના આગ્રહી બનવું.

**રાજીપો કોને કેટલો મળે ?**

બે મિત્રો બોર્ડની પરીક્ષા આપી ગુરુજીનાં દર્શને આવ્યા. ગુરુજીએ પૂછ્યું, "પેપર કેવું ગયું ? કેટલા આવશે ?" ત્યારે એકે કહ્યું, "૧+૨૧ = ૨૨ સપ્લિમૅન્ટરી ભરી છે; સમજી લ્યો ને !" બીજાએ કહ્યું, "૧+૩ = ૪ ભરી છે." બોર્ડનું રિઝલ્ટ આવ્યું ત્યારે પહેલાને ૧૮ માર્ક્સ અને બીજાને ૯૩ માર્ક્સ આવ્યા હતા. કેટલું લખ્યું તે મહત્ત્વનું નથી; કેવું લખ્યું તે મહત્ત્વનું છે. એમ સત્સંગ અને સેવા કેટલી કરી તે મહત્ત્વનું નથી પરંતુ ભગવાન અને સત્પુરુષની મરજીમાં કેટલું રહેવાય છે તે મહત્ત્વનું છે. તેનાથી જ અંતરનો રાજીપો મળે છે.

સદ્. વૃંદાવનદાસજી સ્વામી કડી પધારેલા. ખાખરિયાના એક હરિભક્ત દર્શને આવ્યા. ચાલુ સભાએ સ્વામીને કહ્યું, "સ્વામી, આજે મારી રસોઈ લખી લો." બાજુમાં બેઠેલા હરિભક્ત સામે જોઈ સ્વામી બોલ્યા, "આજે આ ભગતની રસોઈ નોંધાઈ ગઈ છે. તમારી પછી રાખીએ તો !" તેઓ કહે, "ના આજે જ. હું નક્કી કરીને આવ્યો છું." સ્વામી મૂંઝાયા તેથી બાજુમાં બેઠેલા ભગત સામે જોયું. તેઓ મરજી સમજી ગયા ને બોલ્યા, "સ્વામી, ચિંતા ન કરો. મારી રસોઈ આજે, કાલે કે પછી જ્યારે રાખો ત્યારે. રાખો તોય ભલે ને ન રાખો તોય ભલે. મારે આપને રાજી કરવા છે. હું રસોઈના પૈસા લખાવી દઈશ." સ્વામી રાજી થઈ તરત બોલ્યા, "રસોઈ

## દિવ્યવાણી

**તા. ૪-૬-૨૦૨૩ની ગુરુજીની દિવ્યવાણીમાંથી સંકલિત**

એમની પણ રાજીપો તમને.'' સમયે કલ્યાણના દાતા ભગવાન અને સત્પુરુષની આગળ પણ ધાર્યું છોડી શકતા નથી; તો ઘર-પરિવારમાં તો છૂટે જ ક્યાંથી ? આજે ઘર ઘરમાં ડખા-પ્રશ્નો થાય છે તેની પાછળનું આ જ કારણ છે – મનધાર્યું કરવાનો સ્વભાવ.

**અમારી જીભ પર પગ મૂક્યા બરાબર છે !**

મહારાજ સારંગપુર પધારેલા. ચોમાસાનો સમય હતો. એક હરિભક્તના મકાનનો મોભ પડવા જેવો થયો. મહારાજ તરત એક હરિભક્તને સાથે લઈ ત્યાં પહોંચ્યા. સાથે રહેલા ભગતને કહ્યું, ''અમારા ખભા પર પગ મૂકી ચડી જાવ. મોભ પકડી લો; નહિતર ઘરના સભ્યો સૂતા છે તે દટાઈ જશે.'' તેમણે કહ્યું, ''મહારાજ, આપને ખભે પગ મુકાય ?'' મહારાજે કહ્યું, ''ભગત, આ સમય એવો છે માટે ચડો ને મોભ પકડો. જો વચન નહિ માનો તો અમારી જીભ પર પગ મૂક્યા બરાબર કહેવાશે.'' આમ, મહારાજ-મોટાનું અલ્પ વચન લોપાય તે તેમની જીભ પર પગ મૂક્યા બરાબર છે.

ઈ.સ. ૧૯૯૯ની સાલમાં મહેમદાવાદ ખાતે ત્રિ-દિવસીય શિબિર રાખી હતી. વાસણા મંદિરે સભા બાદ એક શિક્ષક હરિભક્ત ગુરુદેવનાં દર્શન કરવા આવ્યા. ગુરુદેવે પૂછ્યું, ''અલ્યા, શિબિરમાં આવવાનો છું ને !'' તેમણે કહ્યું, ''હા, દોઢ દિવસ આવવાનો છું. શુક્ર, શનિ સ્કૂલ ચાલુ છે; પછી આવીશ.'' ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ''રજા મળે તેમ નથી ?'' ''મળે ને. પણ દોઢ દિવસ રાખીએ.'' અંતર્યામી સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, ''અલ્યા, તું માંદો પડીશ તો શું કરીશ ? તને રસ્તામાં ઍટેક આવશે તો શું કરીશ ?'' છતાં વચન ન મનાયું. અને બન્યું એવું જ કે શનિવારે શાળાએથી પાછા ફરતાં રસ્તામાં ઍટેક આવ્યો. ત્રણ લાખનો ખર્ચો થયો ને ત્રણ મહિનાની રજા લેવી પડી. મોટાપુરુષે અંતર્યામીપણે ચેતવ્યા પરંતુ મનાયું નહીં. જો વચન અધ્ધર ઝીલી મોટાના સાંનિધ્યમાં રહ્યા હોત તો મોટા તેમને સંભાળી લેત ! પણ પોતાની મેળે લાખો-કરોડો રૂપિયાનાં દાન કરવાં સહેલાં છે, સંસાર ત્યાગ કરવો સહેલો છે, માબાપનો ત્યાગ કરવો સહેલો છે. પરંતુ ભગવાન ને સંતના વચને ધાર્યું છોડી તેમના ગમતામાં રહેવું તે કઠણ કલમ છે. મનના ગુલામ મટી સત્પુરુષના ગુલામ બનીને રહીએ તો એમના અંતરના રાજીપાનું પાત્ર બની જવાય. સત્સંગમાં આવ્યા પછી એક પંક્તિ જીવનમાં લક્ષ્યાર્થ કરી દેવી :

આપનાં વચન મારા જીવનનો રાહ છે, આપની રુચિમાં જીવી જાવું.

આવા ગુરુમુખી થઈને રહીએ તો મહારાજ અને મોટાના અંતરના રાજીપાના પાત્ર બની જવાય. મહારાજ અને મોટાના ચરણોમાં નિરંતર પ્રાર્થના કરીએ કે, અમને પ્રેમી મટાડીને સમજણવાળા કરજો. મનમુખી મટાડીને ગુરુમુખી કરજો. ક્યારેય અમારું આપને સાચવવું ન પડે તેવા પાત્ર કરજો. આપની મરજીમાં રહી શકીએ એવા મરજીકર પાત્ર કરજો; તો જ મૂર્તિમાં રમણ કરતાં પાત્ર બની શકીશું.





## વળી સમે સમે સંભાળ જાણો કરે હરિજનની રે

**જે જે હરિએ કરિયું હેત, એવું કરે કોણ આપણે રે; માત તાત સગાં સમેત, માન્યાં સ્નેહી ભોળાપણે રે.**
**જોને ગર્ભવાસની ત્રાસ, ટળે કેમ ટાળી કોયની રે; તે પણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન્ન તોયની રે.**
**વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનને રે; બીજું એવું કોણ દયાળ, કાં રે મનાય નહિ મનને રે.**

આ પંક્તિઓમાં કેવળ શ્રીહરિની સ્વાભાવિક દયાળુ પ્રકૃતિનું આલેખન થયેલું છે. વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામીના શ્રીહરિના અવરભાવના જીવનને બહુ નિકટથી નિહાળ્યા બાદના આ અંતરના ઉદ્ગારો છે. અનંતાનંત જીવોને કેવળ પોતાની મૂર્તિનું અતિ ઉત્તમ સુખ આપવા પધારેલા શ્રીહરિ કેવળ પોતાનું બિરુદ જાણી નિજ ભક્તોની દૈહિક તથા વ્યવહારિક સંભાળ રાખી, તેઓની મૂંઝવણને દૂર કરવા અધીરા બની જાય ! આહાહાહા... કેટલી અકલ્પિત કરુણા !! શ્રીહરિના આવા અસંખ્યાત કરુણાકારી પ્રસંગોની શૃંખલા સંપ્રદાયના ઇતિહાસનાં પૃષ્ઠો પર આલેખાયેલી છે.

શ્રીહરિ ગઢપુર પધાર્યા અને થોડા સમયમાં એભલખાચર ધામમાં પધાર્યા. એભલખાચરના પુત્ર ઉત્તમકુમારની (દાદાખાચરની) ભણવાની તથા સંસ્કારની ચિંતા કોણ રાખે ? કોણ જવાબદારી લેશે ? એ માટે સૌ ચર્ચા કરતા પણ કોણ તૈયાર

થાય ? શ્રીહરિએ જ પિતા બની સઘળી જવાબદારી પોતાના શિરે લઈ લીધી. ઉત્તમકુમારને સારામાં સારું શિક્ષણ આપવા માટે વઢવાણના સત્સંગી શિક્ષક બેચર વિપ્રની વ્યવસ્થા કરાવી. દાદાખાચરની પળે પળે ચિંતા રાખતા.

એક દિવસ ઉત્તમકુમારના અભ્યાસ ખંડમાંથી ઘૂઘરા ખણખણવાનો અવાજ સંભળાતાં શ્રીહરિના કર્ણ સાબદા થયા. અભ્યાસમાં વળી ઝાંઝર ખણખણવાનો અવાજ ક્યાંથી ? શ્રીહરિ તુરત ઊભા થયા. બંધ બારણાંની તિરાડમાંથી જોયું તો બેચર વિપ્ર તબલાં વગાડતા હતા અને સામે ઉત્તમકુમાર નૃત્ય કરતા હતા. એ સમયે શ્રીહરિ કશું બોલ્યા નહીં. પરંતુ ઉત્તમકુમારનો અભ્યાસ બગડતો જોઈ રાજી ન થયા. કોઈ કારણ બતાવી બેચર વિપ્રને રજા આપી દીધી. મહારાજે ચારેકોર સારા શિક્ષકની તપાસ કરાવી. સુરતથી નરોત્તમ કાયસ્થ નામના વિદ્વાનને તેડાવ્યા. તેમણે ઉત્તમકુમારને સારામાં સારું લેખન-વાંચન અને હિસાબ-કિતાબ રાખતા શીખવ્યું. એટલેથી શ્રીહરિને સંતોષ થતો નહોતો. તેથી સ્વયં પોતે ઉત્તમકુમારને રોજ શું અભ્યાસ કર્યો તે અંગે પૂછપરછ કરી કસોટી પણ લેતા તથા રાજનીતિનું જ્ઞાન પોતે જ ઉત્તમકુમારને બેસાડીને શીખવતા.

ત્યારબાદ દાદાખાચરને પરણાવવાથી માંડી તેઓના અવરભાવના વ્યવહારની પળે પળે ચિંતા શ્રીહરિએ રાખી હતી. તેનો સમગ્ર સંપ્રદાય સાક્ષી છે.

અત્યંત દયાળુ સ્વભાવના શ્રીહરિ કોઈ જરૂરિયાતમંદ અને અનાથ બાળકોને જુએ તો તેમને જમાડતા. અભ્યાસ માટે પૈસા અપાવતા. તો વળી, ક્યારેક સંતો-હરિભક્તો પાસે જ્ઞાન શીખવા મોકલતા.

હરિભક્તોનો દુર્બળ વ્યવહાર જોઈ ઘણી વાર શ્રીહરિ પોતે દ્રવી જતા. એમાં અગણોતેરા કાળ વખતે તો સમગ્ર સમાજના પિતા બની પોતે ચિંતા રાખી હતી. ગામોગામ ફરી હરિભક્તોને અનાજ-ચાર્ય-પૂળા સંગ્રહ કરવાની, ઢોર વેચવાની શીખ આપતા. એવામાં એક વખત મહારાજ દેવડાના વણિક ભક્ત હરખશાના આગ્રહથી તેઓના ઘરે પધાર્યા. આર્થિક સ્થિતિ દુર્બળ હોવાથી મહારાજે શરત કરી કે, “માત્ર રોટલા ને દાળ કરો તો જ તમારે ઘેર આવીએ.” ભક્તએ શરત મંજૂર કરી. મહારાજને લઈ ઘરે તો આવ્યા પરંતુ પૈસા નહોતા તેથી તાંબાનું બેડું વેચી તેમાંથી દૂધપાક, માલપૂઆ, શાક, દાળની રસોઈ બનાવી.


મહારાજે કહ્યું, “અમે તો તમને ગરીબ જાણતા હતા પણ તમે તો શાહુકાર છો. અમારે પાંચસો રૂપિયાની જરૂર છે માટે આપો.” પતિ-પત્નીએ નિઃસંશય થઈ પાંચસો રૂપિયાની ગમે તેમ કરી વ્યવસ્થા કરી મહારાજને અર્પણ કર્યા. મહારાજે રૂપિયા લઈ ભક્તને સાથે લીધા અને ગુજરાતના ગામોગામમાંથી તુવેર ખરીદાવી. એ વખતે એક રૂપિયે ચાર મણ તુવેર મળતી તે બે હજાર મણ થઈ. જેને મહારાજે હરખશાના ઘરમાં જ રખાવી. જરૂર પડ્યે લઈ જઈશું એવું જણાવ્યું.

આ સાલ હતી સંવત ૧૮૬૮ની. સંવત ૧૮૬૯માં બિલકુલ વરસાદ થયો નહીં. ભયંકર દુકાળ પડ્યો. હરખશાએ મહારાજને પત્ર લખ્યો, “મહારાજ, તમારી તુવેર મગાવી લો. ચોરની બીક બહુ રહે છે.” પત્રના જવાબમાં ભક્તવત્સલ શ્રીહરિએ લખી મોકલાવ્યું કે, “ભક્ત, એ તુવેર અમારી નથી. તમારી આર્થિક સ્થિતિ દુર્બળ છે માટે તમારા માટે જ ખરીદાવી છે. તે વેચી દો અને પૈસા આવે તેમાંથી દુષ્કાળ પાર પાડો.” એ વખતે તુવેરનો ભાવ આઠ રૂપિયે મણ હતો. આવી રીતે શ્રીહરિ પોતાનું બિરુદ ગણી હરિભક્તોની વ્યવહારિક ચિંતા રાખતા.

એ જ રીતે સદ્. રામાનંદ સ્વામીના પરમ કૃપાપાત્ર શિષ્ય માંગરોળના આણંદજી સંઘાડિયા મહારાજ પાસે ધંધા-વ્યવહારનું માર્ગદર્શન મેળવવા જતા ત્યારે મહારાજ તેમને વ્યવહારુ જ્ઞાન શીખવતા. ગામના નવાબ તથા ગામલોકો સાથે કેવી રીતે વ્યવહાર કરવો ? કેવા સંબંધો કેળવવા ? કેવો ધંધો કરવો ? વગેરે માર્ગદર્શન આપી શ્રીહરિએ તેમને ગામટોચ કર્યા હતા.

શ્રીહરિના આ કલ્યાણકારી ગુણ અને રીતિ-નીતિનાં સાદશ્ય દર્શન દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવન ને કવનમાં થયા છે અને થાય છે. કારણ કે તેઓના સંપૂર્ણ કર્તા સ્વયં શ્રીજીમહારાજ છે. વ્હાલા ગુરુદેવ અને ગુરુજીના પ્રાગટ્યનો મુખ્ય હેતુ અનંતને મૂર્તિમાં રાખવાનો જ છે પરંતુ એમનું બિરુદ એવું છે કે, પોતાના શરણાગતની અવરભાવ તથા પરભાવની પળે પળે ચિંતા રાખી સંભાળ લેવી. તેઓના આપણી ઉપર અનંત ઉપકારો છે.

ગુરુપૂર્ણિમા પ્રસંગે એમણે કરેલા અનંત ઉપકારોને વાગોળી એમના મહાત્મ્યથી રસભીના થવાય, અહોભાવમાં ડુબાય ત્યારે ગુરુજીની મરજી, ગમતામાં સહેજે રહેવાય. ગુરુપૂર્ણિમા પ્રસંગે **SMVS** પરિવારના યુવકો આ દિવ્યપુરુષોએ કરેલા અનંત નિઃસ્વાર્થ ઉપકારોનો સ્વાનુભવ સ્વકલમે લખી ગુરુઋણ અદા કરવા તત્પર છે. તેનું વાંચન-મનન કરી ગુરુપૂર્ણિમા પર્વે આપણે પણ અહોભાવમાં ડૂબીએ.



# દૈહિક રોગોમાં સંભાળ લઈ દુઃખ ટાળ્યું

'કેમ છે ભઈલા ?' 'શું થયું તને ?' 'મહારાજ બધુંય સારું કરી દેશે.' 'અમે મહારાજને પ્રાર્થના કરીશું.' 'મહારાજ તારી ભેળા જ છે. હિંમત રાખજે, બળ રાખજે. મહારાજ જરૂર આ રોગમાંથી મુક્ત કરશે.' 'શું ચિંતા કરે છે ? તને કંઈ થવાનું નથી.'

આવા ઉષ્માભર્યાં સહજ કૃપા વચનો કંઈ માતાપિતાનાં દીકરા માટેનાં નથી, કોઈ વડીલનાં પોતાના પરિવારના સભ્યો માટેનાં નથી, કોઈ સ્નેહીજનોનાં નથી. આ દિવ્ય વચનો તો પરભાવી સ્વરૂપ એવા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનાં પોતાના સંતાન સમા શિષ્ય સમાજ માટે ઉચ્ચારાયેલાં છે.

પોતે સંપૂર્ણ પરભાવમાં મહાલે છે. વળી, જેઓએ નિજના અવરભાવની તો સહેજ પણ દરકાર કરી નથી; પરંતુ પોતાને શરણે રહેલા ત્યાગી-ગૃહી સમાજના પરભાવી જતન સાથે અવરભાવનું જતન પણ કરી રહ્યા છે.

ગુરુદેવ અને ગુરુજીની આ દિવ્ય કૃપાવર્ષાના એસ.એમ.વી.એસ. સમાજના દરેક સભ્યો માત્ર સાક્ષી જ નથી પરંતુ દરેકના પરિવારનો જીવંત અનુભવ છે. સમાજના દરેક પાત્રોના સ્વાનુભવોને આ લેખશ્રેણીમાં સમાવવા જઈએ તો હજાર પૃષ્ઠો પણ ઓછાં પડે. અત્રે કરુણારસમાં ભીંજાયેલા અમુક પાત્રોના સ્વાનુભવને માણીએ.

હું રીતેષ લીંબાચિયા. મહારાજની કૃપાથી સંસ્થાના આદ્ય સ્થાન એવા વાસણા (અમદાવાદ) વિસ્તારમાં રહું છું. મહારાજે અમારા પરિવારને આ કારણ સત્સંગમાં વાસણા મંદિરના પ્રાદુર્ભાવ વખતે જ ખેંચી લીધો હતો. ત્યારે મારી ઉંમર નાની હતી.

અમો સત્સંગમાં આવ્યા પૂર્વે મારા દાદાશ્રી મથુરભાઈ લીંબાચિયાને એક મહારોગ લાગુ પડેલો. ડૉક્ટરના કહેવા મુજબ આ રોગ કરોડોમાં કોઈકને જ થતો હોય છે. તેઓને છાતીમાં હૃદય ઉપર ગૂમડું થાય. ચાર-છ મહિના સુધી ધીરે ધીરે મોટું થાય. અંતે લાલ ટમેટાં જેવું થઈ પાકે. પછી જ્યારે ગૂમડું ફૂટે ત્યારે અંદરથી મૂછોવાળી ઈયળો નીકળે તથા લોહીની શેડ્યો સામેની દીવાલ પર ઊડે. એ વખતે દાદાને અસહ્ય પીડા થાય. છ-આઠ દિવસ આવું ચાલે પછી દસ-પંદર દિવસે ફરીથી એ જ જગ્યાએ ગૂમડું થાય. આમ, દાદા સતત આ રોગથી ખૂબ પીડાતા. કેટલાય તજજ્ઞ ડૉક્ટરોને બતાવ્યું. ભૂવા-ભરાડી કર્યા. દાદાની દવા માટે મારાં માતુશ્રી તથા દાદીના દાગીના પણ વેંચી દીધેલા. વળી, પોતે ઝાયડસ કેડિલા કંપનીમાં મૅનેજર હતા. કંપની તરફથી દાદાના રિપોર્ટ્સ મુંબઈ મોકલ્યા. ત્યાંથી અમેરિકા પણ મોકલેલા પણ રોગનું કોઈ નિદાન જ નહોતું આવતું.

દરેકની એક જ સલાહ : 'આ રોગની કોઈ દવા નથી. જીવો



મહારાજની સાથે મોટાપુરુષને પ્રાર્થના ડબલ ઍંજિનનું કામ કરે.

ત્યાં સુધી સહન કર્યા સિવાય છૂટકો જ નથી.' વાસણા મંદિર બન્યા પછી જ્યારે દાદાનું સ્વાસ્થ્ય સારું હોય ત્યારે તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીનો સમાગમ કરવા જતા. પરંતુ કદી ગુરુદેવ પ.પૂ. બાપજી કે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પોતાના રોગ વિષે વાત કરેલી નહીં.

ઈ.સ. ૧૯૯૬-૯૭માં દાદાને ગૂમડું પાક્યું ત્યારે મંદિરે દર્શન-સમાગમ માટે જઈ શક્યા નહીં. ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ મારા પિતાશ્રીને પૂછ્યું, "તમારા બાપા હમણાં કેમ દેખાતા નથી ?"

ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂછેલો પ્રશ્ન દાદાના રોગ પર હંમેશાં પૂર્ણવિરામ મૂકવા માટે જ હતો. પણ પહેલી દૃષ્ટિએ તો કેવી રીતે ખબર પડે ? મારા પિતાશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને દાદાના રોગ વિષે સઘળી વાત કરી. અતિ કરુણા સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજીએ પિતાશ્રીને કહ્યું, "અમે સાંજે જ તમારા ઘરે મથુરભાઈને દર્શન આપવા આવીશું. મહારાજ સૌ સારાં વાનાં કરશે."

એ જ દિવસે સાંજે આત્માના ડૉક્ટર એવા ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને સાથે લઈ પોતાના હરિભક્તની સંભાળ લેવા નહિ, આશ્વાસન આપવા નહિ પરંતુ મહારોગથી મુક્ત કરવા અમારે ઘેર પધાર્યા.

દાદા પથારીમાં હતા. બંને દિવ્યપુરુષો પધાર્યા ત્યારે છાતી પરથી ચાદર હટાવી. દાદાની ગંભીર સ્થિતિ જોઈ બંને દિવ્યપુરુષોના અંતરમાંથી કરુણાની ધારા વછૂટી. ગુરુજીએ ગુરુદેવને પ્રાર્થના કરી, "દયાળુ, આપણે આ મથુરભાઈની પરિસ્થિતિ જોઈ શકતા નથી તો તેઓ સહન કેવી રીતે કરતા હશે ? માટે દયાળુ, કંઈક દયા કરો અને મથુરભાઈને આ રોગથી મુક્ત કરો."

ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "કર્તા તો મહારાજ છે. આપણે હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરીએ કે મથુરભાઈને આ રોગથી મુક્ત કરે, સ્વસ્થ જીવન આપે. જ્યાં દવાનો પનો ટૂંકો પડે છે ત્યાંથી દુવાનો, દયાનો પનો શરૂ થાય છે." ગુરુદેવના આશીર્વચનો અને હરિકૃષ્ણ મહારાજના પ્રસાદીના જળનો દાદાની છાતીમાં છંટકાવ — આ બંનેથી દાદાએ છેલ્લા ૧૨-૧૫ વર્ષમાં ન અનુભવેલી રાહત અનુભવી. દાદાનું સ્વાસ્થ્ય બમણા વેગે સુધરતું ગયું. છ મહિના પછી જે ડૉક્ટરની દવા ચાલુ હતી તે ડૉક્ટરને બતાવ્યું તો તેઓ અચંબામાં પડી ગયા કે, "ખરેખર આ મિરેકલ (આશ્ચર્ય) કહેવાય; નહિતર આ રોગ જીવન પર્યંત મટે જ નહીં."

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની કૃપાથી દાદાને ફરીથી જીવન પર્યંત ગૂમડું થયું જ નથી. એટલું જ નહિ, ઈ.સ. ૨૦૧૧ સુધી એટલે કે જીવનના છેલ્લા શ્વાસ સુધી દાદા ખૂબ સ્વસ્થ રહ્યા હતા. માત્ર એક દિવસની ટૂંકી માંદગીના નિમિત્તે દાદા મૂર્તિસુખે સુખિયા થયા હતા.

જે દિવ્યપુરુષો આપણને પરભાવી સ્વસ્થતા બક્ષવા પધાર્યા છે તે આપણા અવરભાવની પણ કેટલી ચિંતા રાખે છે !

• • •

સેવક પીયૂષ ચૌહાણ. હું અવરભાવમાં નિકોલ વિસ્તારમાં રહું છું. હું તો એટલું જ કહીશ કે આજે મારું અસ્તિત્વ છે તેનો સંપૂર્ણ શ્રેય ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના ચરણે સમર્પિત છે.

કોરોનાકાળે જ્યારે સમગ્ર વિશ્વને પોતાના સકંજામાં ઘેરી લીધું હતું ત્યારે મારું ફૅમિલિ પણ તેમાંથી બાકાત ન હતું. તા. ૨-૪-૨૦૨૧ના રોજ મને કોરોના આવ્યો. ઘરના ઉપરના ફ્લોર પર કૉરૅન્ટાઇન થયો. બધી જ દવાઓ લેવા છતાં દિન-પ્રતિદિન મારી પરિસ્થિતિ કથળતી જતી હતી. બે જ દિવસ પછી મારા ધર્મપત્નીને પણ કોરોના આવ્યો. અમે બંને ઉપરના ફ્લોર પર કૉરૅન્ટાઇન હતાં. નીચે બંને બાળકો રહેતાં. મારા સાસરી પક્ષના પરિવારમાં પણ તમામ સભ્યોને કોરોના હતો ત્યારે અમને રસોઈ કરીને કોણ જમાડે ? આ સમયે દેહનાં સગાં શું મદદ કરી શકે ? પણ વ્હાલા ગુરુજીનાં દિવ્ય પીયૂષ પીધેલાં એવા સત્સંગી હરિભક્તો જ સાચા સ્નેહીજન બની પડખે આવી ઊભા રહ્યા. મને તથા મારા પત્નીને કોરોના થયો છે તેની જાણ થતાં મંદિરેથી પૂ. સંતો તથા પૂ. ત્યાગી મહિલામુક્તોના ફોન આવવા લાગ્યા. ધન્ય છે, નિકોલ સેન્ટરના હરિભક્ત રાકેશભાઈ સાવલિયાને કે જેઓ કોરોનાની પરવા કર્યા વગર મને **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં લઈ ગયા. ત્યાં હું ઍડમિટ થયો ત્યારે મારા સસરાની પરિસ્થિતિ પણ ખૂબ નાજુક હતી.

એ સમયે પૂ. સંતોના ફોન દ્વારા બળભર્યા વચનોથી મારી તબિયત સુધરવા લાગી. પાંચ દિવસ પછી મને રજા મળી. ઘરે ગયો ત્યારે મારા પત્નીની તબિયત ખૂબ કથળેલી હતી. તેઓને હૉસ્પિટલાઇઝ કર્યાં. આ બાજુ કોરોનાને લીધે મારા સસરા ધામમાં ગયા. મારા પત્નીને રજા મળતાં અમે બંને ગાંધીનગર મારા સસરાનાં છેલ્લાં દર્શન કરવા ગયાં. રસ્તે જતાં અચાનક મને નાકની બાજુમાં ગાલ પર જુદા જ પ્રકારનો દુખાવો શરૂ થયો. સસરાનો અંતિમ વિધિ પૂર્ણ કરી **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં રિપોર્ટ કરાવ્યા તો મને 'મ્યુકર માઈસીસ' (ફંગલ ઈન્ફેક્શન) નામનો રોગ લાગુ પડેલો; જે કોરોનાની જ અસર હતી. રોગનું નામ સાંભળતાં જ મારા પગ

ધ્રૂજી ગયા. ડૉક્ટરોએ કહ્યું, "તમારે તરત જ હૉસ્પિટલાઇઝ થવું પડશે નહિતર ગણતરીની ક્ષણોમાં આ રોગ મોંમાં ફેલાઈ જશે તો આંખ, તાળવું, દાંત કાઢી નાખવાં પડશે. **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં આ રોગની સારવાર શક્ય ન હતી તેથી આખા અમદાવાદમાં બેડ મેળવવાની તજવીજમાં હું લાગી ગયો. બધી જ હૉસ્પિટલો ફુલ હતી. મોં માગ્યા પૈસા આપવાની તૈયારી છતાંય ક્યાંય જગ્યા ન મળે. મારાં સગાંસંબંધીની, ડૉક્ટરોની તથા મોટા મિનિસ્ટરોની લાગવગ લગાવી છતાંય ક્યાંય મેળ પડે નહીં. એક બાજુ દુખાવો અસહ્ય થવા લાગ્યો. મારાં ધર્મપત્ની અને હું ખૂબ ભજન-પ્રાર્થના કરતાં હતાં. એ વખતે જ મારા ફોનની રિંગ વાગી. નંબર જોયો તો અજાણ્યો હતો. ફોન ઉપાડ્યો. "હલ્લો, જય સ્વામિનારાયણ. દયાળુ, રાજી રહેજો." 'અરે ! આ તો મારા ગુરુજીનો જ ફોન હતો.' સ્વયં ગુરુજી મારી સાથે વાત કરી રહ્યા હતા. ગુરુજી આગળ સેવકથી રડી પડાયું. ગુરુજીને સઘળી વાત કરી કે, "મને ફંગલ થયું છે." ત્યારે ગુરુજીએ કહ્યું, "ભઈલા, તું કંઈ જ ચિંતા કરતો નહિ, મહારાજ અને અમે તારી ભેળા જ છીએ. મહારાજ બધાં સારાં વાનાં કરશે. હવે રાહ જોયા વગર તરત હૉસ્પિટલાઇઝ થઈ જા." સેવકે કહ્યું, "પણ દયાળુ, કોઈ હૉસ્પિટલમાં બેડ મળતો નથી." આટલું બોલતાં ફરીથી રડી જવાયું. ત્યારે 'એક હી આધાર' એવા ગુરુજીએ કહ્યું, "ભઈલા, તું ચિંતા ન કરીશ. અમે સંતોને કહી બેડની વ્યવસ્થા કરાવી દઈએ છીએ." પછી થોડી જ વારમાં પૂ. સંતોનો ફોન આવ્યો કે, "ગુરુજીએ તમારી વ્યવસ્થા ઍપોલો હૉસ્પિટલમાં કરાવી દીધી છે માટે જલદી ત્યાં પહોંચી જાવ."

પરભાવમાં આત્માની નિરંતર ચિંતા રાખતા વ્હાલા ગુરુજીએ મારા દેહની સંભાળ પણ લીધી. એ વખતે ખરેખર ગુરુજીનો ફોન ન આવ્યો હોત અને બેડની વ્યવસ્થા ન થઈ શકી હોત તો !! કદાચ આજે હું હયાત જ ન હોત.

ગુરુજીની અપાર કૃપાથી હું તરત હૉસ્પિટલાઇઝ થયો. બીજે દિવસે મારી સર્જરી થઈ. હૉસ્પિટલના નિયમ મુજબ કોરોના પેશન્ટને ઘરેથી જમવાનું લાવવા પર પ્રતિબંધ હતો. પરંતુ શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ નિયમ-ધર્મ વગરનું જમાય નહીં. બે દિવસ તો જમ્યા વગર પસાર કર્યા પછી મહારાજે પ્રાર્થના સાંભળી હોય તેમ મને ઘરેથી ટિફિન મંગાવવાની છુટ્ટી મળી.

સેવક હૉસ્પિટલાઇઝ હતો તે દરમ્યાન પણ ગુરુજીની પ્રેરણાથી દરરોજ સેવક પર પૂ. વડીલ સંતોના ફોન આવતા તથા પૂ. ત્યાગીમુક્તો મારા ધર્મપત્નીને ફોન કરી બળ આપતાં જેનાથી અમને ખૂબ બળ મળી રહેતું. વળી, સેવક માંદગી દરમ્યાન ૨૪x૭ ગુરુજીની દિવ્યવાણી સાંભળ્યા કરતો. એક ફોનનું ચાર્જિંગ પૂરું થઈ જાય પછી બીજા ફોનમાંથી સાંભળું. રાત્રે સૂતી વખતે પણ ગુરુજીનો લાભ ચાલુ જ રહેતો. જેનાથી રૂમની ઓરા ખૂબ દિવ્ય થઈ ગઈ હતી. મારી ટ્રીટમૅન્ટ કરવા જ્યારે ઍપોલો હૉસ્પિટલના ડૉક્ટર્સ પણ રૂમમાં આવતા ત્યારે મને કહેતા, "તમારા રૂમની ઓરા ખૂબ પૉઝિટિવ છે. અહીં આવવું અમને ખૂબ ગમે છે."

ગુરુજીની કૃપાથી દિન-પ્રતિદિન મારી તબિયતમાં સુધારો આવવા લાગ્યો. મારી પરિસ્થિતિ જોતાં મને હૉસ્પિટલમાંથી બે મહિને પણ રજા ન મળે તેના બદલે માત્ર ૨૬ દિવસમાં રજા મળી ગઈ. આશ્ચર્યની વાત તો એ હતી કે જે વ્યક્તિને મ્યુકર માઈસીસ થાય તેને દાંત, તાળવું અથવા આંખ ડૅમેજ થઈ જ ગઈ હોય જ્યારે મહારાજ અને ગુરુજીની કૃપાથી મારે એક નાનો સરખો દાંત પણ કાઢવો પડ્યો નથી.

૨૬ દિવસ પછી જ્યારે મને હૉસ્પિટલથી રજા આપી ત્યારે ડૉક્ટરો કહેતા હતા કે, "આ એક આશ્ચર્ય જ છે. તમારી પહેલાં બે બે મહિનાથી ઍડમિટ થયેલા દર્દીઓને હજુ સારું થયું નથી જ્યારે તમે એકદમ સ્વસ્થ થકા હૉસ્પિટલમાંથી જઈ રહ્યા છો." એમ કહી મારો ફોટો પાડ્યો.

હું તો એટલું જ કહીશ કે, "આજે આ લોકની રીતે કે પરલોકમાં પણ આપણા સુખનું સરનામું આપણા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જ છે. ગુરુજીના થઈને રહીશું તો સુખ, શાંતિ, આનંદ, નિર્ભયતા સહજમાં પ્રાપ્ત થઈ જશે."

## પ્રિ-મુમુક્ષુ કૅમ્પ

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મૂર્તિસુખની યાત્રાલક્ષી આદર્શ યુવા પ્રૉજેક્ટ અન્વયે તા. ૧-૬-૨૦૨૩થી તા. ૧૦-૬-૨૦૨૩ એમ દસ-દિવસીય પ્રિ-મુમુક્ષુ કૅમ્પ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાઈ ગયો.

આ કૅમ્પનું આયોજન વ્હાલા ગુરુજીના સંકલ્પ મુજબ કરવામાં આવ્યું હતું. જેમાં અનાદિમુક્તની સ્થિતિ પામવાના માર્ગે આગળ વધારવા માટે ગુરુજીનો પ્રબળ સંકલ્પ દેખાઈ રહ્યો હતો. આ વખતે કૅમ્પમાં દેહ અને આત્માની વિક્તિ નોખી રાખવા ઉપર પૂ. સંતો દ્વારા કોર્સ પદ્ધતિ દ્વારા પ્રૅક્ટિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કૅમ્પમાં ૫૭૫થી પણ વધુ મુક્તોએ ઉપસ્થિત રહી મૂર્તિસુખની યાત્રાના માર્ગે આગળ વધવાનું બળ પ્રાપ્ત કર્યું હતું.



મોટાપુરુષનું શિરછત્ર એટલે મુમુક્ષુની નિર્ભય અવસ્થા.

# ગુરુજી પરિવારના મોભી બન્યા



મકાનનો આધાર મોભ છે તેમ પરિવારનો આધાર મોભી છે. મોભીના આધારે પરિવારમાં આનંદ-કિલ્લોલ, નિર્ભયતા રહેતી હોય છે; પણ મોભ સમ મોભી જ્યારે પરિવારને છોડીને ચાલ્યા જાય છે ત્યારે પરિવાર ઉપર આભ ફાટ્યા જેવું દુઃખ આવી પડે છે. આજની સ્વાર્થ ભરેલી દુનિયામાં સહુ સ્વાર્થનાં સગાં હોય છે. જ્યારે આવી વસમી વેળા આવે ત્યારે નિકટનાં સગાં પણ પારકા ગણાતા હોય છે. નહિ લોહીની સગાઈ, નહિ આંખની ઓળખાણ, નહિ કોઈ સ્વાર્થ છતાંય જે આવા સમયે મોભી બનીને રહે છે એ વ્યક્તિત્વ ખરેખર પરમાર્થી કહેવાય. આવા પરમાર્થી સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી છે.

એસ.એમ.વી.એસ. પરિવારમાં જે દીકરાઓએ પોતાના પરિવારના મોભ સમાન પિતાને ગુમાવ્યા હોય ત્યારે તેમની અવરભાવની અને પરભાવની ચિંતા કરી સ્વયં ગુરુજીએ તેઓના પિતા બની નિર્ભયતા બક્ષી સદા પોતાના બનાવી લીધા છે. એવા પાત્રની કલમે તેઓનો સ્વાનુભવ માણીએ :

બહુ નાની ઉંમરમાં મારા પિતાશ્રી કાનજીભાઈ (કાનજી ભગત) શ્રીહરિ ઇચ્છાથી તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ એક-દિવસીય હૃદય બીમારીમાં મૂર્તિસુખે સુખિયા થયા. ઘરમાં અચાનક જ આવી દુઃખદ ઘટના બનતાં મારી પર તો જાણે આભ ફાટી પડ્યું હોય એટલો હું દુઃખી થઈ ગયો. મારી ઉંમર માત્ર ૨૭ વર્ષની અને પરિવારની તમામ જવાબદારી મારા પર આવી ગઈ.

પિતાશ્રીની અંતિમ વિધિ માટે તેમને દવાખાનેથી ઘરે લાવવામાં આવ્યા ત્યારે તેઓનું પૂજન કરતાં કરતાં જ હું ખૂબ રડી પડ્યો. ત્યારે અનંતના આધાર એવા ગુરુજી મને બે હસ્તથી ઊભો કરી પિતાશ્રીની નનામીની બાજુમાં જ ભેટી પડ્યા અને અતિ કરુણાભર્યા બોલ્યા, “સંકેત, ભઈલા, તું ચિંતા ન કરીશ. આજથી અમે તારા વાલી છીએ, અમે તારી સંભાળ રાખીશું.”

ગુરુજીના દિવ્ય વચનોથી સેવકને ખૂબ બળ મળ્યું. ‘હવે ગુરુજી મારા પિતાના સ્થાને છે’ એ વિચારથી હૈયામાં હામ પુરાઈ ગઈ. પછી હિંમત સાથે હું મારા પિતાશ્રીનો અંતિમ વિધિ કરી શક્યો. કોઈ પણ વ્યક્તિના જીવનમાં આવો કપરો સમય આવે ત્યારે એ સમયે તો દેહના સ્નેહીજનો આપણને સાંત્વના આપવા કહેતા હોય કે, ‘તમે ચિંતા ન કરશો, અમે બેઠા જ છીએ ને. અમે તમારી સાથે જ છીએ.’ પરંતુ સમયે કોઈ વહારે આવતું નથી. જ્યારે એ દિવ્યપુરુષ આપેલા કોલ મુજબ આજે અમારા ઘરના મોભી બની ઘરની, ઘરના સભ્યોની ચિંતા રાખતા રહે

છે.

સેવકને તથા ઘરના સભ્યોને સ્વપ્નેય કલ્પના ન હતી કે મહારાજ આવી લીલા કરશે. તેથી પિતાશ્રીએ કોને ત્યાં મૂડીનું કેટલું રોકાણ કરેલું છે તેની કોઈને કશી ખબર ન હતી.

પરંતુ ધન્ય છે, આ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનાં પીયૂષ પીધેલાં એસ.એમ.વી.એસ.ના હરિભક્ત સમાજને. મારા પિતાશ્રીએ મૂડીનું રોકાણ સંસ્થાના મોટેરા હરિભક્તોને ત્યાં જ કરેલું હતું. તેથી તેઓ મૂર્તિસુખે સુખિયા થયા તેની જાણ આ હરિભક્તોને થતાં તેઓ સામેથી આવીને ગુરુજીને કહેવા લાગ્યા કે, “કદાચ સંકેત મહારાજને ખ્યાલ નહિ હોય કે કાનજી ભગતે અમારે ત્યાં રોકાણ કરેલું છે તો તેમને પૈસા આપી દઈએ ?” ત્યારે ગુરુજીએ હરિભક્તોને કહ્યું, “સંકેત હજુ નાનો છે. નાની ઉંમરમાં તેને આવું ટૅન્શન આપવું નથી. તેથી તમે જ એમની મૂડીને સાચવી યોગ્ય સંચાલન કરશો. સમયે સમયે એમને વ્યાજ પહોંચાડશો.”

આ વાત થયા પછી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ સેવકને તેઓના આસને બોલાવી સઘળી વાત કરી કે, “આટલા હરિભક્તોને ત્યાં કાનજી ભગતે મૂડી રોકાણ કર્યું છે તે તું ધ્યાનમાં રાખજે. તારે જરૂર પડે ત્યારે કહેજે; તને તે રકમ મળી જશે.” એ સાથે મને મારા આર્થિક અને સામાજિક વ્યવહારની પૂછપરછ કરી યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું.

ખરેખર જો ગુરુજી મને ન મળ્યા હોત અને ઘરમાં આવા સંજોગ ઊભા થયા હોત તો હું, મારાં માતુશ્રી તથા મારાં ધર્મપત્ની ખૂબ ભાંગી પડત. પરંતુ દિવ્ય માવતર એવા ગુરુજીએ મને પિતાશ્રીની ખોટ પડવા જ દીધી નથી. નિરંતર તેમનો પ્રેમાળ હસ્ત મારું શિરછત્ર બનીને રહ્યો છે.

વ્હાલા ગુરુજીના દિવ્ય ચરણોમાં સેવકના કોટિ કોટિ વંદન.

– સંકેત કાનજીભાઈ જીવાણી, સ્વામિનારાયણ ધામ

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. પ્રતીક રાકેશભાઈ પંચાલ, ઉંમર વર્ષ-૨૪, હિંમતનગર, તા. ૧૦-૪-૨૩ :** હિંમતનગર સેન્ટરના ઘરધણી મુક્ત એવા રાકેશભાઈ પંચાલના એકના એક દીકરા પ્રતીક પંચાલ નાની ઉંમરમાં શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ મંદિરે ઓડિયો-વિડિયો વિભાગમાં સક્રિય સેવા બજાવી રહ્યા હતા. મંદિરે તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પૂ. સંતો સાથે વિચરણમાં જઈ સેવા કરી ખૂબ રાજીપો કમાયા હતા. અચાનક આવી પડેલી દુઃખની આ ઘડીમાં શ્રીજીમહારાજ તેમના પિતાશ્રી રાકેશભાઈ તથા સમગ્ર પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ આપે તેવી પ્રાર્થના.



**મૂ.નિ. ભૂલાભાઈ સબૂરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૬, ગોધર, તા. ૫-૫-૨૩ :** તેઓએ ગુરુદેવ પ.પૂ. બાપજીનો શિર સાટે પક્ષ રાખી ગુરુદેવના તથા ગુરુજીના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓની શુદ્ધ ઉપાસના, નિયમ-ધર્મની દૃઢતા તેમજ સંસ્થા પ્રત્યેનો મમત્વભાવ જોઈ પૂ. સંતો પણ ખૂબ રાજી થતા. તેઓના પરિવાર તરફથી મલેકપુર મંદિરની ભૂમિસેવા થયેલ છે. તેઓ પૂ. સંતોના વચને નાની-મોટી સેવા ખૂબ ઉમંગ-ઉત્સાહથી કરતા. તેઓના સમાજમાં સત્સંગ વધારવા માટે તેઓનું મહત્ત્વનું યોગદાન રહેલું. ધામમાં જવાના ત્રણ દિવસ પહેલાં ગુરુજીએ તેઓની પ્રાર્થના સાંભળી આશીર્વાદ આપ્યા હતા કે, “મહારાજ પૂનમના દિવસે ધામમાં તેડી જશે.” ‘એના આપેલાં વરદાનો ખોટાં હોય નહિ’ એ ન્યાયે મહારાજ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીએ નિર્ધારિત દિવસે દર્શન આપી માખણમાંથી મોવાળો ખેંચી લે તેમ તેઓને ધામમાં તેડી ગયા અને મૂર્તિના સુખમાં ડુબાડી દીધા.



મહારાજ અને મોટાપુરુષ તેમના દીકરા નારણભાઈને તેમજ પરિવારને પણ એવું જ સત્સંગનું-સમજણનું બળ આપે તેવી પ્રાર્થના.

**મૂ.નિ. મુકેશભાઈ લાલાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૪૭, ગોધર, તા. ૧૧-૫-૨૩**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**



ગુરુની આજ્ઞાને આધીન થવાથી મૂર્તિસુખની પ્રાપ્તિ થાય છે.

# પરભાવી સ્વરૂપે આપ્યું વ્યવહારિક માર્ગદર્શન



'મુંબઈ ૫૦૦ કિ.મી.' એવું લખેલો માઈલસ્ટોન (કિ.મી.નો પથ્થર) ચાર બાબત સૂચવે છે : (૧) You are on right track, go on. તમે સાચા રસ્તે છો, આગળ વધો. (૨) આ મુંબઈ નથી. મુંબઈ અહીંથી ૫૦૦ કિ.મી. દૂર છે. (૩) આ તમારી મંજિલ નથી પરંતુ મંજિલ ૫૦૦ કિ.મી. દૂર છે માટે ત્વરિતતાથી એ તરફ દોડો. (૪) હું તમારો સાચો પથદર્શક છું. તમે મારી પર વિશ્વાસ રાખી આગળ વધતા રહો; છેક સુધી મારા તરફ જોતા રહી આગળ વધતા રહેશો તો જરૂર મંજિલ સુધી પહોંચશો.

મુંબઈનો માઈલસ્ટોન મુંબઈ લઈ જાય તેમ મૂર્તિનો માઈલસ્ટોન મૂર્તિ સુધી લઈ જાય. સત્પુરુષ એ અધ્યાત્મ માર્ગમાં મુમુક્ષુને મૂર્તિ સુધી લઈ જનાર માઈલસ્ટોન છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી આપણા અધ્યાત્મ માર્ગના માઈલસ્ટોન છે. જેઓ આત્માને (આપણને) સંસારની ભુલભુલામણીમાંથી પકડી સાચા રસ્તે ચડાવે છે. મોક્ષ માર્ગ ફંટાઈ ન જાય તે માટે સતત સતર્ક રાખે છે. આવનાર વિઘ્નો સામે ઢાલ બની સાચું માર્ગદર્શન આપતા રહે છે. ખરેખર તેઓ મહારાજની મૂર્તિના પરભાવી સુખને આપવા માટે જ પધાર્યા છે તેમ છતાં સંસાર જગતના ભ્રામિક સુખને સાચું માની ભૂલા પડેલા એવા જે તેમના શરણે આવે તેમને પોતાના દીકરા સમાન ગણી અવરભાવમાં પણ ક્યાં, કેવી રીતે આગળ વધવું તે બાબતે માર્ગદર્શન આપે છે. એ પ્રમાણે જે નિ:સંશયપણે વિશ્વાસથી આગળ વધે, એમની મરજી અને રુચિ મુજબ વ્યવહાર માર્ગમાં આગળ વધે તેના જીવનમાં સફળતા ચરણો ચૂમે છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના પરભાવી આધ્યાત્મિક માર્ગદર્શનને તો આજે સમગ્ર ત્યાગી-ગૃહી સમાજ ઈચ્છે છે. તેમ છતાં ગુરુજી પોતાના હરિભક્તોને સુખી કરવા પ્રાગટ્યના બિરુદને ગૌણ કરીને પણ અવરભાવનું વ્યવહારિક માર્ગદર્શન આપવા રૂપ અપાર કરુણા સૌ પર વરસાવી રહ્યા છે. જે સ્વાનુભવ રૂપે જાણીએ.

અમે વર્ષોથી કાલુપુર રહેતા હતા. અમારી પરિસ્થિતિ સાવ દુર્બળ. કાલુપુરમાં આગળ કરિયાણાની દુકાન અને પાછળ ઘર હતું. સંયુક્ત પરિવારના કારણે ઘર ખૂબ નાનું પડતું હતું. તેથી મોટું ઘર લેવાની ઈચ્છા હતી. જ્યારથી વાસણા મંદિર બન્યું

**ગુરુના વચનમાં નિ:સંશયપણું એ જ સફળતાનો રાજમાર્ગ.**

ત્યારથી ઘનશ્યામ મહારાજને રોજ તાજા ફૂલનો હાર આપવાની સેવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ અમને આપેલી. તેથી રોજ ગુરુદેવનું નિકટનું સાંનિધ્ય મળતું. એક દિવસ મારા કાકા, હું અને મારો નાનો ભાઈ પરેશ; અમે બધાએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પૂછ્યું, ‘‘હાથીખાના નવાવાસમાં મોટું મકાન લઈએ ?’’ ગુરુદેવે પૂછ્યું, ‘‘કેટલે થાય ?’’ ‘‘પાંચ મિનિટ દુકાનથી ચાલતા થાય.’’ ‘‘આપણે એટલે બધે દૂર મકાન નથી લેવું.’’ એમ કહી ઘર લેવાની ચોખ્ખી ના પાડી. અલ્પ મતિએ અમને ખબર ન પડી કે કેમ ના પાડે છે ? છતાં આજ્ઞા અધ્ધર ઝીલી લીધી.

ઈ.સ. ૨૦૦૩માં અમે સપરિવાર સ્વામિનારાયણ ધામ ખાતે સમૈયાનો લાભ લેવા માટે આવ્યા હતા. એ વખતે સમૈયામાં ધામની બાજુમાં સીમંધર સોસાયટીના પ્લૉટની જાહેરાત થઈ. તરત ગુરુદેવ પ.પૂ. બાપજીએ મને બોલાવ્યો અને કહ્યું, ‘‘ધર્મેશ, આ સોસાયટીમાં પ્લૉટ નોંધાવી દે. સ્વામીને પૂછી લેજે કયો પ્લૉટ લેવો ?’’ મેં કહ્યું, ‘‘બાપજી, પપ્પા અને કાકા બહારગામ મંદિરની સેવામાં છે; એમને પૂછી લઉં ?’’ ત્યારે ગુરુદેવે કહ્યું, ‘‘મેં કહ્યું એટલે આવી ગયું. પહેલાં તું પ્લૉટ નોંધાવી દે; પછી પૂછજે.’’ આમાં મને કંઈ ખબર પડતી ન હતી પણ ગુરુજીએ સોસાયટીનો પ્લાન મંગાવડાવ્યો અને પોતે લોકેશન જોઈ પ્લૉટ સિલેક્ટ કરી કહ્યું, ‘‘આ પ્લૉટ લઈ લો; ભવિષ્યમાં સારું પડશે.’’ વિચાર થયો ચારેબાજુ નરી ઝાડી-જંગલ છે એમાં શું સારું થશે ?

મેં ગુરુદેવને કહ્યું, ‘‘બાપજી, મારી પાસે પૈસા નથી તો કેવી રીતે નોંધાવું ?’’ ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘શું પૈસા નથી નથી કરે છે ? પૈસા તો આમ દોડતા આવશે.’’ ગુરુદેવ પ.પૂ. બાપજીના વચને સાહસ કર્યું. માંડ ચાર વર્ષે પૈસા ભરી શક્યો. ત્યાં તો ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફરી કહ્યું, ‘‘હવે મકાનનું કામ ચાલુ કરો.’’ આર્કિટેક્ટનું નામ આપી તેમની પાસે પ્લાન બનાવડાવવાનું કીધું. વળી કહ્યું, ‘‘ઘરમાં ભોંયરું બનાવડાવજો. ભવિષ્યમાં ગાડીએ ગાડી સામાન આવશે ત્યારે ગોડાઉન તરીકે વાપરજો.’’ નિર્જન વિસ્તારમાં ગોડાઉન, દુકાન આ બધી વાત આશ્ચર્ય જેવી લાગતી હતી પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા મુજબ મકાનનું કામ ચાલુ કર્યું. ઈ.સ. ૨૦૦૭માં કામ પૂરું થતાં અમે સ્વામિનારાયણ ધામ પર રહેવા આવ્યા. ત્યારે પણ હજુ નિર્જન એરિયા હતો. એમાં વળી ઈ.સ. ૨૦૧૦-૧૧માં ગુરુદેવ અને ગુરુજીએ દુકાન કરવાનો સંકલ્પ આપી કેવી રીતે દુકાન કરવી તે પણ શીખવ્યું. એમના સંકલ્પ મુજબ વ્યવહારમાં આગળ વધતાં આજે શૂન્યમાંથી મોટું વટવૃક્ષનું સર્જન થયું છે. ખરેખર ગુરુજીએ અહીં પ્લૉટ લેવડાવ્યો ત્યારે અહીંથી રોડ પડશે, **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ બાજુમાં થશે એવી કલ્પના પણ નહોતી. ખરેખર એ દીર્ઘદૃષ્ટા પુરુષના માર્ગદર્શન પ્રમાણે અમે અમારા અવરભાવનો વ્યવહાર આગળ વધાર્યો તો કદી પાછા પડ્યા નથી. ખરેખર આજે હું અને અમારો પરિવાર જે કાંઈ છીએ તે એ દિવ્યપુરુષે આપેલા વ્યવહારિક માર્ગદર્શન અને એમની કૃપાથી જ છીએ. બસ, હવે પળે પળે એમ રહે છે કે એમને રાજી કરી લઉં. એમનું નિકટનું સાંનિધ્ય મળ્યું છે તો એમને લૂંટી લઉં. રોજ મંગળા આરતીમાં ગુરુજીનાં દર્શન કરતાં એ દિવ્યપુરુષે અમારી ઉપર વહાવેલી કરુણાની સ્મૃતિ તાજી થઈ જાય અને અંતરથી પ્રાર્થના થઈ જાય : ‘હે ગુરુજી ! સદાય અમારી ઉપર રાજી રહેજો, ભેળા રહેજો અને પરભાવના આપના સંકલ્પમાં વધુ ને વધુ દોડાવજો.’

– ધર્મેશભાઈ જશુભાઈ ભાવસાર, સ્વામિનારાયણ ધામ

• • •

હું અતિ અતિ કૃપાવંત છું કે મને ગુરુદેવ પ.પૂ. બાપજીએ અવરભાવમાં જ્યાં સુધી દર્શન આપ્યાં ત્યાં સુધી તેમનું વતું અને મુંડન કરવાની સેવા મળી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીના મુંડનની સેવા કરવા જ્યારે હું જતો ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી મારા દીકરા કલ્પિતના સમાચાર અચૂક પૂછતા.

ઈ.સ. ૨૦૧૨માં કોઈ સેવા માટે હું સ્વામિનારાયણ ધામ પર ગયો હતો. એ વખતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સાથે બેસવાનું થયું. એ વખતે ગુરુજીએ ઘરની આર્થિક પરિસ્થિતિ વિષે પૂછ્યું અને કલ્પિતના અભ્યાસ વિષે પૂછ્યું. મેં કહ્યું, ‘‘કલ્પિત C.S. અને lawyer એમ બેય અભ્યાસ સાથે કરે છે.’’ ગુરુજીએ કહ્યું, ‘‘બેયમાં એકસાથે સફળતા નહિ મળે. એને કહેજો C.S.નું ભણવાનું છોડી એકલું lawyerનું જ ભણે.’’ મેં ઘરે જઈ કલ્પિતને ગુરુજીની રુચિ જણાવી. એ જ દિવસથી તેણે C.S.નો અભ્યાસ છોડી દીધો તો lawyerમાં સારી કારકિર્દી પામી શક્યો. વકીલાતની પ્રૅક્ટિસ પણ સારી રીતે ચાલુ થઈ ગઈ.

આ વાતને દસ વર્ષ વીતી ગયાં હતાં. કોરોનાકાળમાં ઈ.સ.

૨૦૨૨માં મને સ્વામિનારાયણ ધામ ખાતે ગુરુજીના મુંડન અને વતું કરવાની સેવાનો લાભ મળ્યો. ગુરુજીએ મુંડન દરમ્યાનની નાની મુલાકાતમાં મારા પરિવાર વિષે, ધંધા વિષે તથા આર્થિક સધ્ધરતા વિષે ચિંતા કરી. મેં કહ્યું, "દયાળુ, આપની આજ્ઞા મુજબ કલ્પિતે વકીલાતની પ્રૅક્ટિસ ચાલુ કરી છે; તેમાં મહારાજ ખૂબ ભેળા ભળ્યા છે." ગુરુજીએ ફરી કહ્યું, "કલ્પિતને કહેજો વકીલાતની પ્રૅક્ટિસ કરે છે તેની સાથે દસ્તાવેજનું કામ પણ ચાલુ કરે. એમાં સારું મળશે." મેં ઘરે જઈ કલ્પિતને ગુરુજીએ આપેલા માર્ગદર્શનની વાત કરી. બીજા જ દિવસથી કલ્પિતે દસ્તાવેજનું કામ લેવા માંડ્યું તો તેમાં ઘણું મળવા માંડ્યું. પરભાવમાં મૂર્તિનું સુખ આપવા પધારેલા દિવ્ય સત્પુરુષ આવી અવરભાવની બાબતનું માર્ગદર્શન આપે એ પણ મારા જેવા નાના માણસને ! એ ખરેખર એમની મોટપ છે !

એવો જ બીજો પ્રસંગ બન્યો. કલ્પિતના ઈ.સ. ૨૦૧૯માં લગ્ન થયાં. એક વર્ષ બાદ પુત્રવધૂ સાથે સેટ ન થતાં છેવટે છૂટાછેડા સુધી વાત પહોંચી ગઈ. પુત્રવધૂ પિયર જતા રહ્યાં હતાં. આ બધી પરિસ્થિતિની જાણ ગુરુદેવ પ.પૂ. બાપજીને થઈ. ગુરુદેવ પ.પૂ. બાપજીનું વતું કરી હું નીકળતો હતો ત્યારે તેઓએ મને બોલાવી કહ્યું, "રમેશભાઈ, આપણા પરિવારમાં આવું બને તો મહારાજ રાજી ન થાય. મહારાજ પુત્રવધૂને એમના સંકલ્પથી આ પરિવારમાં લાવ્યાં છે. તમારે જે જતું કરવું પડે તે જતું કરજો. સ્વભાવ બદલવા પડે તો બદલજો. કલ્પિતને પણ કહેજો જે છોડવું પડે તે છોડે. તમારે સામેથી એમના ઘરે જઈ સમાધાન કરી પુત્રવધૂને પાછાં તેડી લાવવાનાં છે. મહારાજને પ્રાર્થના કરજો. એમનામાં પણ મહારાજ ૩૬૦ં ડિગ્રી પરિવર્તન લાવી દેશે." ગુરુદેવ પ.પૂ. બાપજીએ જે રીતે માર્ગદર્શન આપ્યું તેનું અમે અક્ષરશઃ પાલન કર્યું. ગુરુદેવ પ.પૂ. બાપજીનું એક વચન હેઠું ન પડવા દીધું તો આજે અમારો પરિવાર આત્મીય પરિવાર બની ગયો છે. અમારાં પુત્રવધૂ દીકરીની જેમ પરિવારમાં રહે છે અને AYPના સભ્ય થઈ ગયાં છે.

આવી રીતે હું જ્યારે જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીની સેવા કરવા જતો ત્યારે ત્યારે વ્યવહારિક બાબતોમાં પણ અદ્‌ભુત માર્ગદર્શન આપે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપેલી એ બધી શીખ આજે પણ મારી સ્મૃતિમાં અકબંધ જળવાયેલી છે અને મારા જીવનમાં પળે પળે આગળ વધવામાં સફળતાની ચાવી સમાન બની રહી છે. બસ, અંતરે એ જ ઇચ્છા રહે છે કે સદાકાળ એમને રાજી કરવાનું બળ મહારાજ આપતા રહે.

- રમેશભાઈ નાયી, સેટેલાઇટ

•••

અમારે વિરાટનગર, ઘનશ્યામનગરમાં ઍમ્બ્રૉઇડરી વર્કની દુકાન હતી. મારા નાના ભાઈ અમિતભાઈ માટે ઍમ્બ્રૉઇડરી દોરાની દુકાન આઠ લાખ રૂપિયાના ખર્ચે બનાવી નામ આપ્યું 'રામાણી ઍમ્બ્રૉઇડરી.' દુકાન કરી સારામાં સારો એ ગ્રેડનો માલ લાવવા છતાં દુકાન ચાલે જ નહીં. એક-બે મહિના એમ કરતાં કરતાં પાંચ મહિના થયા. ઘરના પૈસા જોડવા પડે. કોઈ ઘરાકી નહીં. આઠ મહિના થઈ ગયા પણ દુકાન ચાલે જ નહીં. ખૂબ મૂંઝવણ થાય. દુકાનનું ભાડું માથે પડે. વળી, આઠ લાખ રૂપિયાનું રોકાણ કરેલું.

ગુરુદેવ પ.પૂ. બાપજી ઘનશ્યામનગર મંદિરે પધાર્યા હતા. પ્રાર્થના કરી કે દુકાને પધરામણી માટે પધારો. ઠાકોરજી સાથે ગુરુદેવ પ.પૂ. બાપજી દુકાને પધાર્યા અને દુકાન કેવી ચાલે છે ? તેમ સામેથી પૂછ્યું. ત્યારે મેં બધી વિગતે વાત કરી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ તરત કહ્યું, "જો આપણે માલિક બનીએ, ધણી બનીએ તો કોઈ ધંધો ન ચાલે. ૮ વર્ષે પણ દુકાન ન ચાલે. આપણા જીવનમાં કોઈ પણ કાર્યના કર્તા મહારાજને કરવા. આ તમે દુકાનનું 'રામાણી ઍમ્બ્રૉઇડરી' નામ રાખ્યું છે એટલે તમે કર્તા થયા; તો દુકાન ક્યાંથી ચાલે ? દુકાનનું નામ બદલી 'ઘનશ્યામ ઍમ્બ્રૉઇડરી' રાખો તો ઘનશ્યામ મહારાજ બધું સંભાળશે. એમને કર્તા કરવા અને નીતિથી ધંધો કરવો. ઉધાર ન લેવું અને ઉધાર ન દેવું ને હિસાબ-કિતાબ રાખવો. મહારાજને કર્તા કરશો એટલે દુકાન ચાલશે." મેં એ જ દિવસે દુકાનનું બોર્ડ ઉતારીને ગુરુદેવની આજ્ઞા પ્રમાણે 'ઘનશ્યાન ઍમ્બ્રૉઇડરી' નામનું બોર્ડ લગાવ્યું. તરત જ ગ્રાહકોને જાણે ખેંચાણ થવા માંડ્યું. બીજા જ દિવસથી દુકાન ધમધોકાર ચાલવા માંડી. દુકાન બનાવી ત્યારે ગુરુદેવ પ. પૂ. બાપજીએ ચોખ્ખો ૧૦ % ઠાકોરજીનો ધર્માદો કાઢવાનું કહેલું તે મુજબ ધર્માદો કાઢું છું તો આજે ૧૦ વર્ષ થયાં. હજુ સુધી દુકાનમાં ખોટ તો નથી પડી પરંતુ મંદી પણ નથી આવી. ગુરુદેવ પ.પૂ. બાપજી પરભાવનું દિવ્ય સ્વરૂપ હોવા છતાં અવરભાવમાં વ્યવહારિક બાબતમાં આપેલું માર્ગદર્શન પણ ખરેખર મહારાજના સંબંધ સાથે જોડીને આગળ વધારે છે.

- રાજેશભાઈ દુધાભાઈ રામાણી, ઘનશ્યામનગર



# કરુણાસાગરની કરુણાએ મારું ભાવિ ઊજળું થયું

**અનંતાનંત જીવોને બ્રહ્મવિદ્યા ભણાવી પુરુષોત્તમરૂપ પાત્ર કરવા એ જ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના પ્રાગટ્યનો એકમાત્ર હેતુ છે. બ્રહ્મવિદ્યાને આ લોકનાં ભણતર, ડિગ્રી, કૅરિયર સાથે કાંઈ નિસબત નથી. જે તેઓના વિષય અને રસ બહારની વાત છે. તેમ છતાં શરણાગત બાળકો, કિશોરો, યુવાનોના અભ્યાસ અને કૅરિયરમાં ઊંડો રસ દાખવી પળે પળે તેની ચિંતા રાખે છે. એ જ એમના કરુણાસાગર તરીકેના બિરુદને સાર્થક કરે છે.**

**આ દિવ્યપુરુષો અતિ દયાળુ સ્વભાવના કારણે કદી કોઈના દુ:ખને જોઈ શકતા નથી અને તેને મદદ કર્યા વગર રહી શકતા નથી. અનેક જરૂરિયાતમંદ અને નિરાધારના આત્મીયજન બની તેમની કૅરિયરની પળે પળે ચિંતા રાખી છે એવા ગુરુજીના સહાનુભૂતિપૂર્ણ અગણિત અનુભવોમાંથી કિંચિત્ સ્વાનુભવ માણી એમની કરુણામાં રસભીના થઈએ.**

તા. ૧૮-૭-૧૯૯૪નો દિવસ અમારા પરિવાર માટે ખૂબ દુ:ખદ હતો. ન કલ્પેલી, ન ધારેલી ઘટના બની ગઈ. અમારા પરિવારના આધારસ્તંભ સમા અમારા પિતાશ્રીને હાર્ટઍટેક આવતાં મહારાજે મૂર્તિના સુખમાં લઈ લીધા. અમારા માટે આ બહુ મોટી આઘાતજનક આફત હતી. હું આઠ વર્ષનો હતો. મોટાં બેન અગિયાર વર્ષનાં અને નાનો ભાઈ પાંચ વર્ષનો હતો. અમને ત્રણેયને ભણાવી-ગણાવી ઉછેર કરવાની સંપૂર્ણ જવાબદારી મારા માતુશ્રીના શિરે આવી પડી. ઘરમાં અન્ય કોઈ આવકનું સાધન ન હતું. ચારેય સભ્યોના ભરણપોષણની ચિંતા માતુશ્રીને થતી હતી.

મારા પિતાશ્રીને મહારાજ ધામમાં તેડી ગયા. આ વાતના સમાચાર ગુરુદેવ તથા ગુરુજીને આપવા મારા માસા ચંદ્રકાન્તભાઈ સોની ગયેલા. ત્યારે ગુરુદેવે આશ્વાસન રૂપે આશીર્વચન પાઠવેલા કે, “બાળકોના માતુશ્રીને કહેજો કાંઈ ચિંતા ન કરે, મહારાજ બધાં સારાં વાનાં કરશે. પરિવાર-બાળકો મહારાજનાં છે.” તથા વ્હાલા ગુરુજીએ શ્રદ્ધાંજલિ લેટર લખી પરિવારજનોને આશ્વાસન આપ્યું હતું.


એ અરસામાં બન્યું એવું કે જૂન માસમાં અમારા બંને ભાઈઓની શાળા ચાલુ થઈ હતી. જુલાઈમાં પિતાશ્રી ધામમાં ગયા. બે મહિનાની ફી ભરવા અંગેની નોટિસ સ્કૂલમાંથી આવી હતી પણ પૈસા નહોતા. થોડા દિવસ બાદ માસા ગુરુદેવનાં દર્શન કરવા ગયેલા ત્યારે ગુરુદેવે સામેથી પૂછ્યું, “અલ્યા ! દીકરાઓ શેમાં ભણે છે ? એમના ભણવાની ફીનું શું થાય છે ?” માસાએ કહ્યું, “બાપજી, બે મહિનાની ફી

ભરવાની બાકી છે.'' આટલું સાંભળતાં જ ગુરુદેવ બોલ્યા, ''ફીની ચિંતા ન કરે એવું કહેજો; ફી સંસ્થા ભરી દેશે.''

ગુરુદેવ-ગુરુજીના અમે બહુ ઋણી છીએ કે એ વખતે સંસ્થા એટલી આર્થિક રીતે સધ્ધર નહોતી. ઈ.સ. ૧૯૯૫માં ભવ્ય બાપાશ્રી મહોત્સવ આવી રહ્યો હતો છતાં અમને પોતાના જાણી અમારી ચિંતા રાખી. એ વખતે બંનેની ફીના ૧૨૦ રૂપિયા લેખે પ્રથમ ચેક એક-બે મહિનાની ફીનો નહિ, છ મહિનાની ફીનો ૧૪૪૦ રૂપિયા મોકલાવી અમને નિશ્ચિંત કરી દીધા હતા. ત્યાર પછી કાયમ માટે વગર યાદ કરાવ્યે દર મહિને ફી માટેનો ચેક પહોંચી જતો. જે અમે સ્કૂલમાં ભરી આવતા. માતુશ્રીએ ના ન કહેવડાવી ત્યાં સુધી અમારી ફી ગુરુજીની આજ્ઞાએ સંસ્થામાંથી ભરાઈ હતી.

મને ખૂબ અહોભાવ થયેલો કે અમે સત્સંગમાં એટલા નિકટ ન હોવા છતાં અમારા બંને ભાઈઓની કેરિયરની કુટુંબીજનો કરતાં પણ વિશેષ ચિંતા ગુરુજીએ રાખી હતી. ખરેખર તો અમારા સાચા સ્નેહીજન ગુરુદેવ અને ગુરુજી જ બની રહ્યા હતા. પછી તો અભ્યાસમાં જે લાઈનમાં અમે આગળ વધવાનું વિચારતા તેમાં સૌપ્રથમ ગુરુજીને પૂછતા. તેઓના માર્ગદર્શન અનુસાર અમે આગળ વધતા. તે પ્રમાણે અનુસરવાથી દરેક ક્ષેત્રે અમે સફળતાનાં શિખરો આંબી જતા.

માત્ર કેરિયર બાબતે જ નહિ, અમારા સંસ્કાર અને સત્સંગની ચિંતા રાખી પળે પળે અમારી ધાર્મિક અને આધ્યાત્મિક ઉન્નતિની ચિંતા પણ ગુરુજીએ સેવી છે.


☎ ૪૧૭૭૩૬૧

Shri Swaminarayan Sanskar Kendra

શ્રી સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર

વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

પિતાશ્રી વિનાની એ નિઃસહાય ક્ષણો ! એક એક પાઈ ભેગી કરવા રાત્રિ-દિવસ નાનું-મોટું કામ કરી ઘર ચલાવતા માતુશ્રીની સહનશીલતા અને વેદનાભરી પળોને યાદ કરતાં આજેય હૃદય ભરાઈ આવે છે. પરંતુ તે કરતાં પણ એ દિવસોમાં અમારી કેરિયરની ચિંતા રાખી અમારો અભ્યાસનો પાયો પાકો કરવામાં સહાયરૂપ બની અમારા પિતાશ્રીની ગરજ સારનાર ગુરુદેવ અને ગુરુજીના અનંત ઉપકારોને સ્મૃતિપટ પર ઢંઢોળતાં અનેરો આનંદ અનુભવાય છે કે ખરી વેળાનો ખજીનો એવા સાચા માવતરની ખરા સમયે અમને ઓથ મળી ગઈ છે. ગુરુદેવ અને ગુરુજીએ અમારી પર કરેલી કરુણાને અમે કદાપિ નહિ ભૂલી શકીએ.

જે ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીએ ખરા સમયે અમને દીકરા જાણી પળે પળે અમારી કેરિયરની કેર (સંભાળ) રાખી છે તેવા ગુરુજીના વચને સર્વસ્વ કુરબાન કરવાની રાત્રિ-દિવસ ઝંખના વર્તે છે. રૂંવાડે રૂંવાડે ગુરુજી માટે અને સંસ્થા માટે વધુમાં વધુ અમે શું કરી શકીએ એવી તમન્ના વર્તે છે. હે વ્હાલા ગુરુદેવ-ગુરુજી આપે આપેલ અમારી આવડત, બુદ્ધિ, શક્તિ, દ્રવ્ય, સંપત્તિ, પરિવારને અમે સદૈવ આપના અર્થે વાપરી શકીએ એવું બળ આપજો. આજે અમે જે

સ્ટેજ પર પહોંચ્યા છીએ તે કેવળ આપની કરુણાનું જ પરિણામ છે એવું અમને નિરંતર અનુસંધાન રહે એવી દિવ્યબુદ્ધિ બક્ષજો.

- હિરેન તથા વિજય સુરેશભાઈ સોની, સ્વા. ધામ

• • •

આ સેવકને બરાબર યાદ છે. હું કૉલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો. કૉલેજના મિત્રોનો સંગ કહો કે કુસંગ મારા પર જોરદાર હાવી થવા પર જ હતો ને અચાનક એ વખતે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી મહેસાણા મંદિરે વિચરણમાં પધાર્યા.

ઈ.સ. ૨૦૦૦ની સાલ અને ઉનાળાનો સમય. ગુરુજી અંતર્યામીપણે જાણતા હતા કે હું કુસંગની ખાઈમાં પડવાની તૈયારીમાં છું તેથી ગુરુજીએ આ સેવક અને મારા પપ્પાને બંનેને મહેસાણા મંદિરે બોલાવ્યા. ગુરુજીએ મંદિરના બગીચામાં અમારી સાથે બેઠક કરી અને પપ્પાને જણાવ્યું કે, "અમારે મનિષને અમારી સાથે વાસણા રહેવા લઈ જવાનો છે." પપ્પાએ ગુરુજીને તરત સવાલ કર્યો કે, "એને આપ ક્યાં રાખશો ? શું જમાડશો ?" ત્યારે ગુરુજીએ ખૂબ વ્હાલથી જવાબ આપ્યો કે, "અમે જે જમીશું એ તેને જમાડશું અને અમે જ્યાં રહીએ છીએ ત્યાં એને રાખીશું." અને એ દિવસથી કુસંગના વાતવરણમાંથી નીકળીને દિવ્ય વાતાવરણમાં જવાનો પ્રારંભ થયો. એ જ વર્ષમાં મને કૉલેજના પ્રથમ વર્ષમાં ફરી વાસણા જી.બી. શાહ કૉલેજમાં ઍડમિશન અપાવ્યું.

હું કૉલેજ જતો હતો એ વખતે જમવામાં એક માતા કાળજી ન રાખે તેથી વિશેષ કાળજી ગુરુજી મારી રાખતા. એક દિવસ સવારે હું કૉલેજ જતો હતો. ગુરુજી માળા-પ્રદક્ષિણા કરી રહ્યા હતા. સેવકને બૅગ લઈને જતો જોઈ ગુરુજીએ હસ્તના લટકાથી નજીક બોલાવી બહુ પ્રેમથી પૂછ્યું, "મનિષ, તેં કાંઈ નાસ્તો કર્યો ?" મેં માથું ધુણાવી ના પાડી એટલે ગુરુજી કાંઈ જ બોલ્યા વગર હસ્તમાંથી માળા મૂકી મને લઈ રસોડા બાજુ ચાલ્યા. સંતોના રસોડેથી મને નાસ્તો કરાવ્યો અને પછી કૉલેજ મોકલ્યો. એટલું જ નહિ, કૉલેજના અભ્યાસ બાબતે પણ ખૂબ ચિંતા રાખતા. મને અવારનવાર પૂછતા, "તારી કૉલેજની ફી ભરાઈ ગઈ છે ને ? તારે પેપર કેવું ગયું ? બધું બરાબર વંચાયું છે ને ? મહેનત કરજે હોં ! મહારાજને કર્તા કરી, પ્રાર્થના કરી પેપર લખજે હોં."

એમના એ વ્હાલભર્યા શબ્દો અને મારી એક એક પળની ચિંતા રાખતા ગુરુજીનો માતૃવાત્સલ્ય સ્નેહ હજી પણ મારા સ્મૃતિકોશમાં અકબંધ છે. આ સેવકે ત્યાં જ કૉલેજનો અભ્યાસ પૂર્ણ કરી સંસ્થામાં બુકસ્ટોલ વિભાગમાં સેવા શરૂ કરી. આવકના પૈસા ઘરે મોકલાવી શકું એ માટે સંસ્થા તરફથી મદદ પણ મળતી. કૉલેજનો સંપૂર્ણ ખર્ચ સંસ્થાએ જ ઉપાડેલો.

ગુરુજીના સાંનિધ્યમાં જ મને મારા જીવનના વ્યવહારિક તથા આધ્યાત્મિકતાના સર્વશ્રેષ્ઠ પાઠો શીખવા મળ્યા હતા.

એક વખત વાસણા મંદિરે ભોંયરાની સીડી આગળ સેવક ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે ઊભો હતો ત્યારે ગુરુદેવે મને કહેલું તે હજી પણ મને યાદ છે કે, "મનિષ, તારાં પ્રારબ્ધ એવાં હતાં કે તને કોઈ ફૂટી કોડી પણ ન આપે. પણ આ સ્વામીની કૃપાએ તો તને ન્યાલ કર્યો છે ન્યાલ !"

થોડાં વર્ષો પહેલાં એક ફાર્મમાં શિબિર હતી. ગુરુજીએ સેવકને ઊભો કર્યો અને કહ્યું કે, "મનિષ, અમને તારી પહેલી જૉબ હજી પણ યાદ છે અને આજે તું જ્યાં પણ પહોંચ્યો છે તે કેવળ મહારાજની કૃપાનું પરિણામ છે." મારા ભૂતકાળની આર્થિક પરિસ્થિતિને જોતાં વર્લ્ડની ટૉપ ટેન કંપનીમાં ગણાતી કંપનીમાં ડિરેક્ટરના પદે પહોંચવું એ કાંઈ મારી બુદ્ધિ, શક્તિ કે આવડતથી શક્ય જ નહોતું પણ મહારાજ અને ગુરુજીની કૃપાથી આજે હું આ સ્ટેજ પર પહોંચી શક્યો છું.

આજે પણ મારા પરમહિતકારી ગુરુજીનાં દર્શન કરતાં પૂર્વની સ્નેહાળ સ્મૃતિઓ તાજી થતાં નિઃશબ્દ બની જઉં છું. પણ અંતરમાં આનંદનો સમુંદર ઊભરાય છે કે પરભાવનો સંકલ્પ લઈ પધારેલા વ્હાલા ગુરુજીએ એક સગી મા કરતાં પણ વિશેષ ધ્યાન મારા અવરભાવની કૅરિયર બાબતે આપ્યું છે.

અહોનિશ એક વિચાર ધબક્યા કરે છે કે, ગુરુજીએ તો ખરેખર કૃપાના ધોધ વરસાવ્યા છે. એમનું ઋણ હું કેવી રીતે ચૂકવી શકું ? ગુરુજીએ રુચિ જણાવી જ છે કે વ્યવહાર આટોપીને સેવામાં જોડાઈ જાવ. બસ, ગુરુજીના આ સંકલ્પમાં વહેલામાં વહેલી તકે ભળી જઈ ગુરુઋણને અદા કરી શકું એવી ગુરુજીના દિવ્ય ચરણોમાં પ્રાર્થના છે.

હે વ્હાલા ગુરુજી ! આપનો આ ઉપકાર, આપની આ મમતાળુ કરુણા જીવનમાં ક્યારેય નહિ ભુલાય.

જીવનની યોગ્ય દિશા જેમણે બતાવી, એક મા કરતાં પણ વિશેષ મારું ઘડતર કર્યું, મને જરૂર પડ્યે દરેક જગ્યાએ યોગ્ય માર્ગદર્શન આપ્યું એવા સ્નેહાળ ગુરુજીને કેવી રીતે ભૂલી શકું ?

ગુરુજી આપની આ કરુણાને મારા કોટિ કોટિ વંદન !

- મનિષ મહેશભાઈ બારોટ, સ્વા. ધામ



સત્પુરુષનો તાપ ચૈતન્યના સંતાપને નાથે છે.



# ચૈતન્યના સાચા સંગાથી

'મૃત્યુ પછીના જીવનનું શું?' 'ક્યાં રહેવાનું?' 'કોની સાથે રહેવાનું ?' 'કોનો સાથ-સહકાર અને હૂંફ મળશે ?' 'એક દિવસ આ દેહનું મૃત્યુ થશે પછી શું?' આવા રહસ્યમય પ્રશ્નનો કોઈ વિચાર કર્યા વગર મનુષ્ય જીવ્યા જ કરે છે. હકીકતે પોતે ચૈતન્ય છે તેનું કોણ ? કોણ તેની સંભાળ લેશે તેવી પરવા તેને નથી. કારણ, દેહના આનંદમાં, મોજમજા કરવામાં તે આત્માના સુખની ચિંતા કરવાનું જ ભૂલી જાય છે. પરંતુ મહારાજના ઘરેથી પધારેલા સત્પુરુષ જે આત્મદર્શી છે. આત્માના રક્ષણ કાજે જ આ બ્રહ્માંડમાં પધારે છે. તેઓ દેહની રક્ષા તો બિરુદ જાણી કરે છે પરંતુ આત્માના સાચા સંગાથી બની સદૈવ તેની કાળજી લે છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જેવા આત્મદર્શી, આત્મરક્ષક દિવ્ય સત્પુરુષોએ આજ સુધી અનેકના ચૈતન્યોની અદ્ભુત સંભાળ લીધી છે. તે તેના સાક્ષીના સ્વમુખે જ માણીએ :

તા. ૨૦-૮-૨૦૨૨ના રોજ અચાનક મારી તબિયત કથળી. મારો દીકરો મયૂર મને ગામડેથી અમદાવાદ લાવ્યો. ત્યાં અમદાવાદની એક હૉસ્પિટલમાં મને દાખલ કર્યો. પરંતુ ત્યાં યોગ્ય સારવારના અભાવે તબિયત વધુ બગડી. એટલે આપણી **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ઍડમિટ કર્યો. એક-બે દિવસમાં મને રાહત થવા માંડી.

હૉસ્પિટલમાં ત્રણ-ચાર દિવસ થયા હશે. એક દિવસ રાત્રે હું આંખો બંધ કરી સૂવાનો પ્રયત્ન કરતો હતો પણ કેમેય કરીને મને ઊંઘ ન આવે. અચાનક મને ભયંકર અવાજો સંભળાવા માંડ્યા. થોડી વારમાં મારા પલંગ ફરતા કાળા ડિબાંગ, મહાભયંકર રાક્ષસો દેખાવા લાગ્યા. કોઈ નાના, કોઈ મોટા કદાવર !! મારા પલંગ ફરતા ફરી વળ્યા ! મોટા નખવાળા હાથનાં આંગળાં હલાવી મને ડરાવવા લાગ્યા. આ બિહામણું દૃશ્ય જોઈ હું ડરી ગયો. તરત જ રૂમમાં રહેલી મહારાજ, બાપા, ગુરુદેવ અને ગુરુજીની મૂર્તિ પર નજર જતાં પ્રાર્થના કરવા લાગ્યો. તરત જ જેમ પાણીના પરપોટા ગાયબ થાય તેમ એક પછી એક તે બધા ગાયબ થવા લાગ્યા. પછી મેં વિચાર્યું કે, 'મારે નિષ્ઠા પાકી છે તો મને આવાં દૃશ્યો શા માટે દેખાયાં ? એ પણ બાપજીના આશીર્વાદ સમી **SMVS** હૉસ્પિટલમાં !' મેં બહુ વિચાર્યું એટલે યાદ આવ્યું કે ગુરુજી કાયમ કહેતા હોય છે કે પંચવર્તમાનમાં અલ્પ કસર હોય તોપણ મહારાજ પાછા વાળવા આપણને પરચો બતાવે. હું બજારની વસ્તુ નથી જમતો પરંતુ હજુ લગ્નપ્રસંગનું છૂટતું નથી. આ કસરના લીધે જ મહારાજે મને આ પરચો બતાવ્યો હશે ! પછી આવી ટીખળ તો સળંગ

ત્રણ-ચાર દિવસ ચાલી.

આ અરસામાં ગુરુજી યુ.કે. વિચરણમાં પધાર્યા હતા. ગુરુજીએ અંતર્યામીપણે મારા મોટા દીકરા અમિતને ફોન કરી પૂછ્યું, ''તારા પપ્પાને કેવું છે? સારું છે ને?'' એટલે અમિતે ઉપર જણાવેલી બધી વાત કરી. ગુરુજી તરત બોલ્યા, ''ચિંતા ન કર. તારા પપ્પાએ ગુરુદેવને અને અમને ખૂબ રાજી કર્યા છે. પરંતુ અલ્પ કસરના લીધે મહારાજે પાછા વાળવા આ ચરિત્ર બતાવ્યું છે. બધાં સારાં વાનાં થશે.'' આ આશીર્વાદના સમાચાર અમિત દ્વારા ફોનમાં મળતાં મને અંતરમાં અલૌકિક શાંતિનો અનુભવ થયો. નિર્ભયતા પ્રાપ્ત થઈ. એ દિવસ પછી ફરી ક્યારેય મને બિહામણાં દશ્યો દેખાયાં નથી. ડર પણ લાગ્યો નથી.

હું ગુરુજીનો બહુ ઋણી છું કે એમની મરજી વિરુદ્ધ રહેવા છતાં ઉપકારના અંબાર સમા મારા ગુરુજીએ મારું આ દુઃખ ટાળી એ બિહામણાં સ્વરૂપો થકી મારા ચૈતન્યની રક્ષા કરી. મને નવું જીવતદાન આપ્યું ! સત્સંગના નિયમ-ધર્મની શિથિલતાને અવગણી કેવળ પોતાનું બિરુદ જાણી સામેથી મારી ખબર પૂછી રક્ષા કરી. જો કદાચ ગુરુજી ન મળ્યા હોત ! એમની કરુણાનો કળશ મારા પર ન ઢોળાયો હોત તો કદાચ હું આજે ન હોત !

- કાંતિભાઈ જાદવજીભાઈ પટેલ , મણિપુરા

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના અત્યંત રાજીપાપાત્ર એવા પૂ. આજ્ઞાસ્વામી મારા પૂર્વાશ્રમના ભાઈ થાય. ઈ.સ. ૧૯૯૩માં તેઓની અર્પણ વિધિ થઈ. પોતાના દીકરાનું સમગ્ર જીવન સમર્પિત કરવાનું હતું તેથી મારાં માતુશ્રી કાંતાબેનને ખૂબ આનંદ હતો પરંતુ હવે પછી જીવનમાં કદી પણ દીકરાને મળવાનું તથા વાતચીત કરવાની નહિ થાય તે વિચારે માતૃહૃદય વ્યથિત થઈ ગયું. આ વાતની જાણ પિતાશ્રી દ્વારા ગુરુદેવ અને ગુરુજીને થઈ. એ વખતે ગુરુદેવે કહેલું કે, ''ચિંતા ન કરશો. તમને અને તમારા ધર્મપત્નીને અંત સમે મહારાજ સાથે દર્શન આપી ધામમાં તેડી જવાની જવાબદારી અમારી. તમે દીકરો આપ્યો; અમે તમને મહારાજ આપ્યા.'' આ આશીર્વચનથી માતુશ્રીને ખૂબ સાંત્વના મળી અને આનંદ થયો.

આ વાતને વર્ષો વીત્યાં. તા. ૫-૮-૨૦૦૮ના રોજ અચાનક માતુશ્રીના પગના તળિયામાં ખૂબ બળતરા ઊપડી. પગમાં કાળાં ચાઠાં પડી ગયાં. અમદાવાદ વી.એસ. હૉસ્પિટલમાં દાખલ કર્યા. ગુરુજી તે સમયે વિદેશ વિચરણમાં હતા. મેં ગુરુજીને ફોન કરી બધી વાત કરી. ગુરુજીએ સહજભાવે કહ્યું, ''હવે તેમનો સમય પાકી ગયો છે. બીજો વિચાર ન કરશો કે શું થયું છે? ગોધર ઘનશ્યામ મહારાજને પંદર અભિષેક કરાવી દો.''

ગુરુજીના કહ્યા પ્રમાણે પંદર અભિષેક કરાવી દીધા. બીજી બાજુ તા. ૧૮-૮-૨૦૦૮ના રોજ ડૉક્ટરે કહ્યું, ''તમારા મધરનો પગ કાપવો પડશે.'' મેં ફરી ગુરુજીને વાત કરી. ગુરુજીએ કહ્યું, ''નિર્મળ, તારા મમ્મીને ઘરે લઈ જાવ. મહારાજ તેડવા આવવાના છે.'' બીજા દિવસે તા. ૧૯-૮-૨૦૦૮ના રોજ સવારના ૫ વાગે મમ્મી બોલવા લાગ્યાં, ''એ જો મહારાજ, બાપા, બાપજી અને સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) પધાર્યા છે. હું જઉં છું મૂર્તિના સુખમાં. જય સ્વામિનારાયણ.'' કહેતાં દેહત્યાગ કરી દીધો.

આ સમાચાર આપવા મેં અમેરિકા ગુરુજીને ફોન જોડ્યો. સાથે ગયેલા ઘાટલોડિયાના ધનજીભાઈએ ફોન ઉપાડ્યો. મેં એમને માતુશ્રી ધામમાં ગયાના સમાચાર આપી ગુરુજીને તેની જાણ કરવા કહ્યું. ત્યારે ધનજીભાઈએ જે વાત કરી તે સાંભળી હું અહોભાવમાં ડૂબી ગયો. તેમણે જણાવ્યું કે, ''તમે તો અત્યારે સમાચાર આપો છો પરંતુ બાપજી અને સ્વામીશ્રીની આજ્ઞાથી ક્યારનીય તમારા માતુશ્રીની અહીં ધૂન ચાલે છે. ગુરુજીએ કહેલું કે, અમે મહારાજ સાથે નિર્મળના મમ્મીને ધામમાં તેડી જવા જઈ રહ્યા છીએ.''

વાહ ગુરુજી વાહ ! આપ તો ખરેખર આત્માની જનેતા બની રહ્યા !! આપેલો કોલ આપે પૂરો કર્યો ! માતાના વિયોગના દુઃખ કરતાંય ગુરુજીએ વિદેશ રહ્યા થકા તેમના ચૈતન્યની ચિંતા રાખી સમય આવ્યે મહારાજ સંગે દર્શન આપી સુખમાં લઈ લીધાં એનો અનંતગણો હૈયે આનંદ હતો.

આપની આ કરુણાથી ભીંજાઈ અહોનિશ એવું વર્તે છે કે આપ અને સંસ્થા માટે હું શું ન કરી શકું ! અનંત ચૈતન્યોના હિતકર સ્વરૂપ વ્હાલા ગુરુજી, તવ ચરણોમાં કોટિ કોટિ વંદન !

- નિર્મળભાઈ ચતુરભાઈ પટેલ, ઘાટલોડિયા

વ્હાલા ગુરુજી એ એવું સ્વરૂપ છે જે દેખાય છે આપણા જેવા પરંતુ માણસ નથી. એ છે પરભાવમાં મૂર્તિ સ્વરૂપ છતાં મહારાજ નથી. અર્થાત્ તેઓ આપણી સાથે આપણા જેવા દેખાય છે છતાં મહારાજની મૂર્તિમાં રસબસપણે રહે છે. આપણને મહારાજ સુધી પહોંચાડવામાં તેઓ એક મજબૂત સેતુ બની રહે છે. તેમના એક હસ્તમાં આપણો હાથ અને બીજા હસ્તમાં મહારાજનો હસ્ત છે અર્થાત્ તેઓ આપણો હાથ ઝાલીને મહારાજના હસ્તમાં સોંપી દે છે.

સત્પુરુષ વ્હાલા ગુરુજીની આપણા પરની આ સૌથી મોટી કરુણા છે કે તેઓ વર્તમાન ધરાવી ચૈતન્યના અનંત જન્મના ફેરા ટાળી ચૈતન્યને મૂર્તિરૂપ કરી મૂર્તિના સુખમાં થીજાડી દઈ શાશ્વત સુખનો અનુભવ કરાવે છે. તેમની આ કરુણા સદૈવને માટે આપણને ઋણાનુબંધથી જોડી રાખનારી કડી છે.

# અભિનંદન...

**Result in Std.10th & 12th Comm. & Sci.**
**Eng. Med. & Guj. Med.**

## એસ.એમ.વી.એસ.ના ઝળહળતા સિતારા-૨૦૨૩

### ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ



કૃપેશ એ. પટેલ
PR ૯૯.૯૮, ગોધર


દર્શીલ આર. પટેલ
PR ૯૯.૯૮, પાલન.


ઓમ એચ. વઘાસિયા
PR ૯૯.૯૭, સુરત


લક્ષરાજ જે. પાવરા
PR ૯૯.૨૮, સુરત


દર્શ એમ. વાઘાણી
PR ૯૯.૧૯, સુરત


ધ્રુવમ એમ. પટેલ
PR ૯૯.૧૩, હિંમતનગર


આયુષ પટેલ
PR ૯૯.૧૩, SDIS


શિવમ આર. ભૂટક
PR ૯૯.૧૩, રાજકોટ


ધાર્મિક બી. ગજ્જર
PR ૯૮.૬૦, ઘાટ.


પ્રણવ વાય. દરજી
PR ૯૮.૫૩, હિંમતનગર


મોક્ષ એ. પટેલ
PR ૯૮.૪૬, પાલન.


કલ્પ પંચાલ
PR ૯૮.૨૩, SDIS


ક્રિષ્ના પી. પટેલ
PR ૯૮.૨૩, મુંબઈ


નિત્ય એ. વઘાસિયા
PR ૯૭.૬૮, સુરત



હેમિલ જી. પટેલ
PR ૯૭.૫૦, નરોડા


અંશ જે. દરજી
PR ૯૬.૯૪, ઇસનપુર


હેમિલ એસ. ગોરસિયા
PR ૯૬.૪૩, નિકોલ


કાવ્ય બી. પ્રજાપતિ
PR ૯૬.૧૧, ગુરુકુલ


નિલેશ પી. ચૌહાણ
PR ૯૫.૯૯, ગો. ગુરુકુલ


પ્રીત વી. પટેલ
PR ૯૫.૫૪, હિંમતનગર

પરભાવનું મસ્ત સ્વરૂપ એટલે સત્પુરુષ.

# ધો. ૧૦-૧૨ની તેજસ્વી વિદ્યાર્થિનીઓ

## ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીઓ

| નામ | પર્સન્ટાઇલ | વિસ્તાર |
|---|---|---|
| જીયા આર. પટેલ | ૯૯.૯૫ | બોરસદ |
| માનસી જે. ગોસાઈ | ૯૯.૯૪ | બોરસદ |
| હંસિકા એસ. વાકડી | ૯૯.૮૮ | સુરત |
| રેની પટેલ | ૯૯.૮૪ | SDIS |
| દેવાંશી એ. પટેલ | ૯૯.૮૩ | સ્વા.ધામ |
| લહેર સોની | ૯૯.૮૧ | SDIS |
| સંસ્કૃતિ કે. પટેલ | ૯૯.૭૯ | સુરેન્દ્રનગર |
| સૌમ્યા પુરોહિત | ૯૯.૭૭ | SDIS |
| નિરાલી વાઘેલા | ૯૯.૭૨ | SDIS |
| રિઝા આર. વહોરા | ૯૯.૬૩ | બોરસદ |
| ક્રિષા એ. કનની | ૯૯.૨૪ | ભરૂચ |
| વૃંદા પટેલ | ૯૯.૧૩ | SDIS |
| પ્રાચી એમ. પટેલ | ૯૮.૬૬ | પાટણ |
| યશસ્વી પટેલ | ૯૮.૩૮ | SDIS |
| ઈશિતા જી. વઢેલ | ૯૮.૨૩ | સુરેન્દ્રનગર |
| સ્તુતિ ટી. ઠક્કર | ૯૮.૨૩ | વાસણા |
| મિલોની પ્રજાપતિ | ૯૮.૧૬ | SDIS |
| ધ્રુવી પી. પટેલ | ૯૭.૯૩ | ગોતા |
| બની જે. શાહ | ૯૭.૯૩ | હિંમતનગર |
| શ્રેયા મોદી | ૯૭.૫૯ | SDIS |
| રિદ્ધિ એસ. જસાણી | ૯૭.૪૦ | સુરત |
| મોક્ષા ડી. ઠક્કર | ૯૬.૯૪ | સેટેલાઈટ |
| ખુશી ગોલાણી | ૯૬.૯૪ | ગર્લ્સ ગુરુકુલ |
| દિવ્યા આર. ઠક્કર | ૯૬.૮૪ | વસ્ત્રાલ |
| ધ્રુવી પ્રજાપતિ | ૯૬.૭૩ | ગર્લ્સ ગુરુકુલ |
| માહી વી. હાલાણી | ૯૬.૩૨ | સુરેન્દ્રનગર |
| સૃષ્ટિ એમ. ચાવડા | ૯૬.૨૨ | નરોડા |
| હર્ષી જી. પંચાલ | ૯૬.૨૨ | પાલનપુર |
| કંગના સાવલિયા | ૯૫.૮૮ | ગર્લ્સ ગુરુકુલ |
| વિશ્વા કે. કિકાણી | ૯૫.૦૬ | નિકોલ |

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| પૂજા બી. સરવૈયા | ૯૦.૨૫ | ઘનશ્યામનગર |

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| પ્રિન્સી દૂધાત | ૯૯.૦૬ | ગર્લ્સ ગુરુકુલ |
| પલ્લવી ડી. સાવલિયા | ૯૯.૦૬ | સુરત |
| પ્રિન્સી એમ. માલવિયા | ૯૮.૯૪ | સુરત |
| ક્રિષ્નાબેન | ૯૮.૬૨ | SDIS |
| યાત્રા એન. પટેલ | ૯૭.૩૧ | ઘાટલોડિયા |
| હેન્સી વી. પટેલ | ૯૭.૦૮ | નરોડા |
| ક્રિષી પટેલ | ૯૬.૯૨ | SDIS |
| શ્રેયા ડી. પંચાલ | ૯૬.૪૨ | નરોડા |
| પ્રિયાંશી એ. સિંધવ | ૯૬.૩૪ | સુરેન્દ્રનગર |
| નિત્યા એચ. પટેલ | ૯૬.૧૫ | વસ્ત્રાલ |
| દિયા મહેતા | ૯૪.૯૬ | ગર્લ્સ ગુરુકુલ |
| તન્વી પી. દરજી | ૯૪.૭૪ | સેટેલાઈટ |
| ભક્તિ બી. મિરાણી | ૯૩.૮૦ | ઈસનપુર |
| અવની સોલંકી | ૯૩.૫૫ | SDIS |
| દૃષ્ટિ જે. પટેલ | ૯૧.૭૧ | હિંમતનગર |
| જાનકી એન. વસોયા | ૯૧.૪૩ | નિકોલ |

## ધોરણ-૧૦,૧૨ની વિદ્યાર્થિનીઓ (CBSE & ICSE બોર્ડ)

### ધોરણ-૧૦ની વિદ્યાર્થિનીઓ

| નામ | પર્સન્ટાઇલ | વિસ્તાર |
|---|---|---|
| યશસ્વી એ. વનાણી | ૯૫ | સ્વા.ધામ |

### ધોરણ-૧૨ની વિદ્યાર્થિનીઓ

| નામ | પર્સન્ટાઇલ | વિસ્તાર |
|---|---|---|
| પ્રાપ્તિ બી. અખાણી | ૮૭ | સ્વા.ધામ |
| વિદિશા કે. કાછિયા | ૮૫ | વાસણા |

## ધોરણ-૧૦ CBSE & ICSE બોર્ડના વિદ્યાર્થીઓ



**માનવ કે. પટેલ**
PR ૯૮.૪૦, બાયડ



**મેઘ જોષી**
PR ૯૫.૬૦, SDIS



**તીર્થ જે. પટેલ**
PR ૯૨.૩૩, વાસણા



**સિદ્ધાંત એમ. શાહ**
PR ૮૮, સેટેલાઈટ

## ધોરણ-૧૨ CBSE & ICSE બોર્ડના વિદ્યાર્થીઓ



**શુભ એસ. પટેલ**
PR ૯૪.૪૦, ગોતા



**હેનિલ ડી. ઠક્કર**
PR ૯૦.૬૦, વાસણા

## SMVS ગોધર બોય્ઝ ગુરુકુલ





ગુરુદેવ પ.પૂ. બાપજીને અતિ વ્હાલા આદિવાસી ભક્તોની ભૂમિ એટલે પંચમહાલ. અહીં ગુરુદેવ પ.પૂ. બાપજીએ અવિરત વિચરણ કરી આધ્યાત્મિક તેમજ સામાજિક ઉત્થાનનાં અનેક કાર્યો કર્યાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પાનુસાર વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્યાંજલિ સભામાં કરેલ જાહેરાત મુજબ ગોધર ખાતે છેલ્લા એક વર્ષથી સંપૂર્ણ નિ:શુલ્ક દરે 'ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યાસેવા સંકલ્પ સંકુલ' કાર્યરત છે. ગુરુદેવના આ સંકલ્પમાં આર્થિક રીતે ભાગીદાર થઈ આદિવાસી બાળકોના શૈક્ષણિક ઉત્થાનના કાર્યોમાં સહભાગી થઈ રાજીપો મેળવીએ.

**એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ ગુરુકુલ, ગોધર ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પથી નિ:શુલ્ક શિક્ષણ સેવા**

**વિદ્યાર્થી રસોઈ સેવા + દત્તક સેવા**

| | | | |
|---|---|---|---|
| સવારે નાસ્તાની સેવા : | ૧૧૦૦/– | બપોરે રસોઈની સેવા : | ૩૫૦૦/– |
| આખા દિવસની રસોઈની સેવા : | ૫૦૦૦/– | વિદ્યાર્થી દત્તક સેવા : | ૪૫૦૦૦/– |

## વૅકેશન કિશોર શિબિર

ઉનાળુ વૅકેશનનો સદુપયોગ થાય તેવા હેતુથી સ્વામિનારાયણ ધામ ખાતે ગુરુજીના સંકલ્પથી વૅકેશન કિશોર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું આયોજન તા. ૮ મે, ૨૦૨૩થી તા. ૧૪ મે, ૨૦૨૩ તથા તા. ૨૨ મે, ૨૦૨૩થી તા. ૨૮ મે, ૨૦૨૩ એમ બે વિભાગમાં એક એક સપ્તાહ માટે થયું હતું.

'ગુરુમરજીમાં રહેવું', 'આજ્ઞાપાલન' જેવા વિષય ઉપર પૂ. સંતોએ વર્કશોપ દ્વારા વિગતે લાભ આપી કિશોરોને દિવ્યજીવનની પ્રેરણા આપી હતી. આ ઉપરાંત સંસ્થાના પ્રભારી પૂ. સંતો દ્વારા મોટિવેશનલ ટ્રેનિંગ, ક્વિઝ, વિદેશમાં રહી રાજીપામાં વર્તતા કિશોરો સાથે લાઈવ ઇન્ટરવ્યૂ, મૂકમ્ કરોતિ વાચાલમ્ અંતર્ગત પ્રવચન સ્પર્ધા, ગ્રૂપગોષ્ઠિ, કેન્ડલ પ્રાર્થના, ઇન્ડોર-આઉટડોર ગેઈમ જેવા વિવિધ પ્રોગ્રામો દ્વારા કિશોરોએ સત્સંગનું બળ મેળવ્યું હતું અને મહારાજ, ગુરુજી તથા પૂ. સંતોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

આ ઉપરાંત વ્હાલા ગુરુજીએ અતિ વ્યસ્ત શિડ્યૂલની વચ્ચે પણ પોતાના વ્હાલસોયા કિશોરો માટે સમય કાઢી દિવ્યવાણી દ્વારા અંગત લાભ આપી સુખિયા કર્યા હતા. સર્વે કિશોરોએ વ્હાલા ગુરુજીના હસ્તે પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી. આમ, આ વૅકેશન કિશોર શિબિરમાં ૨૪૭થી પણ વધુ કિશોરો ઉત્સાહપૂર્વક ભાગ લઈ સત્સંગનું ભાથું બાંધી છૂટા પડ્યા હતા.

## AYP Camp

તા. ૧૯, ૨૦, ૨૧ મે તેમજ તા. ૨૭, ૨૮, ૨૯ મે એમ બે ભાગમાં ત્રણ ત્રણ દિવસના આદર્શ યુવા કૅમ્પનું આયોજન વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું.

વ્હાલા ગુરુજી પોતાના વ્હાલસોયા દીકરાઓને અનાદિમુક્તની સ્થિતિના માર્ગે દોડાવવા માટે તત્પર બન્યા હતા. ત્યારે સમગ્ર કૅમ્પનું આયોજન ગુરુજીની દિવ્ય અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યું હતું. સર્વે યુવાનો પ્રાતઃ સમયે ઊઠીને સ્નાનાદિક ક્રિયા ઉપરાંત પૂજા-ધ્યાન, માળા કરી અલ્પાહાર લઈ પ્રાતઃ સેશનમાં જોડાઈ જતા. આ વખતે કૅમ્પમાં દેહ અને આત્માની વિક્તિ નોખી રાખવા ઉપર કોર્સ પદ્ધતિના માધ્યમ દ્વારા સવિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. કેવા કેવા પ્રસંગોએ આ વિક્તિ નોખી રાખવી તેની કેસ સ્ટડી તેમજ ઓડિયો-વિઝ્યુઅલના માધ્યમથી સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

રાત્રિ સેશન દરમ્યાન ગ્રૂપગોષ્ઠિમાં સંસ્થાના વરિષ્ઠ પૂ. સંતો દ્વારા કથાવાર્તાનો લાભ લઈ સૌ બળિયા થતા. ત્રિ-દિવસીય કૅમ્પ બાદ બે દિવસ માટે સ્વૈચ્છિક પ્રૅક્ટિકલ સેશન પણ રાખવામાં આવ્યાં હતાં. આ કૅમ્પોમાં ૧૫૪૫થી પણ વધુ મુક્તો ઉપસ્થિત રહી સ્થિતિના માર્ગે આગળ વધવાનું ભાથું ભેગું કરી છૂટા પડ્યા હતા.

## ચાતુર્માસના વિશેષ નિયમ-૨૦૨૩

શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા ચાતુર્માસ દરમ્યાન નીચેના નિયમો લઈએ :

- **ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા**

૧. દરરોજ જ્ઞાન-ધ્યાન ચિંતનમાં લાભ લેવા માટે મંદિરે જઈશ. (ફરજિયાત)
૨. શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઉચ્ચ સ્વરે દરરોજ વાર મુજબની એક દૈનિક પ્રાર્થના કરીશ. (ફરજિયાત)
૩. દરરોજ એક 'વચનામૃત' અને એક 'બાપાશ્રીની વાત'નું વાંચન કરીશ.
૪. દર એકાદશીએ સંકલ્પ સભાનો અને પૂનમના સમૈયાનો પ્રત્યક્ષ અથવા ઑનલાઇન લાભ લઈશ.
૫. બજારુ ખાણીપીણીનો ત્યાગ કરીશ.
૬. મોબાઇલ-ઇન્ટરનેટનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશ.
૭. ચાતુર્માસ/શ્રાવણમાસ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન કરીશ.

**શ્રાવણમાસના વિશેષ નિયમ-૨૦૨૩ (બાળકો માટે)**

- **ઓછામાં ઓછા ત્રણ નિયમો લેવા**

૧. અઠવાડિક બાળસભાનો લાભ લઈશ. (ફરજિયાત)
૨. દરરોજ માતાપિતાને ચરણસ્પર્શ કરીશ.
૩. માતાપિતા કે વડીલોની સામે નહિ બોલું ને જીદ પણ નહિ કરું.
૪. મોબાઇલ-ઇન્ટરનેટનો વિવેકપૂર્વક ઉપયોગ કરીશ.
૫. શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઉચ્ચ સ્વરે દરરોજ વાર મુજબની એક દૈનિક પ્રાર્થના કરીશ.

**ચાતુર્માસ નિમિત્તે શ્રીજીમહારાજ અને મોટાપુરુષને રાજી કરવા સેવક ઉપર મુજબના નિયમ લે છે. તો મહારાજ, બાપા, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કે આ નિયમો પાળવાનું ખૂબ ખૂબ બળ આપે.**



# ડો. સ્વીટી ચૌધરી

MBBS,DOMS (Ophthalmology)

**કન્સલ્ટન્ટ ઓપ્થેલ્મોલોજીસ્ટ**

**ઓ.પી.ડી. સમય : સોમથી શનિ સવારે ૯:૩૦થી ૬:૦૦**

- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ડૉ. સ્વીટી ચૌધરી – MBBS, DOMS (Opthalmology) આંખના સર્જન તરીકે છેલ્લા ૩ વર્ષથી ફુલટાઈમ સેવા આપે છે તથા ૫૦૦૦થી વધુ સફળ ઑપરેશનનો બહોળો અનુભવ ધરાવે છે.
- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં આંખના દરેક પ્રકારના રોગો જેવા કે ઝામર, મોતિયો, વેલ, ત્રાંસી આંખ, પડદાના રોગો, કીકીમાં ચાંદું પડવું, નાસૂર, આંખ લાલ થવી, આંખની ઈજાનું નિદાન તથા સારવાર અદ્યતન સાધનોથી સૌથી રાહત દરે કરવામાં આવે છે.
- મોતિયાનું ફેકો પદ્ધતિથી ટાંકા અને પટ્ટી વગર ઑપરેશનની સુવિધા સૌથી રાહત દરે કરવામાં આવે છે.
- મોતિયાના ઑપરેશનમાં તમામ પ્રકારના ફોલ્ડેબલ, મોનોફોકલ, મલ્ટિફોકલ, ટ્રાયફોકલ, ટોરિક નેત્રમણિના પ્રત્યારોપણની સુવિધા સૌથી રાહત દરે ઉપલબ્ધ છે.
- વેલનું અત્યાધુનિક પ્રત્યારોપણ સાથેનું ઈન્જેક્શન અને ટાંકા વગરનું પ્લાસ્ટિક સર્જરીથી ઑપરેશન કરવામાં આવે છે.
- લેસર મશીનથી છારી દૂર કરવાની સુવિધા પણ ઉપલબ્ધ છે.
- પડદાના રોગોની લેસર તથા ઈન્જેક્શન દ્વારા સૌથી રાહત દરે સારવાર કરવામાં આવે છે.

ડૉ. સ્વીટી ચૌધરીએ **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ૧૫૦૦થી પણ વધુ સફળ ઑપરેશન કરેલ છે.

**શું તમે નીચેનાં લક્ષણો અનુભવો છો ?**

- ઝાંખું દેખાવું
- સૂર્ય પ્રકાશમાં જોવામાં તકલીફ
- વાંચવામાં તકલીફ
- ચશ્માંના નંબરમાં બદલાવો થવો
- રંગો ઓળખવામાં તકલીફ
- રાત્રે વાહન ચલાવવામાં તકલીફ

## મોતિયાના ઓપરેશનના આકર્ષક પેકેજિસ



**મોતિયાનાં ઓપરેશન**

માત્ર **૪૯૯૯/-*** થી શરૂ

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital
Follow us :


**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા - ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**
info@smvshospital.com

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com


## www.smvs.org વેબસાઇટનો દૈનિક લાભ લેનારા હરિભક્તો માટે....

**આજના ફાસ્ટ યુગમાં સમયની ઓછપને ધ્યાનમાં લઈ એસ.એમ.વી.એસ. રજૂ કરે છે ગાગરમાં સાગર સમાન...**

# 5 min Satsang




- શું આપને ટેન્શન રહે છે ?
- શું આપના ઘરમાં ઝઘડા-કંકાસ રહે છે ?
- શું આપને કથા-સત્સંગ 'ક્યાં કરું' અને 'કોનો કરું' એવી મૂંઝવણ છે ?
- શું આપને સત્સંગના બળનો અભાવ વર્તતો હોય તેવું લાગે છે ?
- શું આપને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની કથાનો લાભ લેવો છે ?
- આપની બધી જ મૂંઝવણો અને પ્રશ્નોનું નિરાકરણ હવે મળશે માત્ર પાંચ જ મિનિટના સત્સંગમાં.



માત્ર પાંચ જ મિનિટના સત્સંગમાં આપ પામશો સત્સંગનું જ્ઞાન, ઉપાસના, મહિમા અને દિવ્યજીવનના ગુણો તેમજ સંસ્કાર અને સાંસારિક પ્રશ્નોનું સમાધાન.

તો આવો, આજે જ www.smvs.org વેબસાઇટમાં વિઝિટ (ક્લિક) કરો 5 minute Satsang.







(૧) નૂતન વર્ષે પોતાના સગાંસંબંધી, વેપારી બંધુ તથા મિત્રવર્તુળને આપવા માટેના કેલેન્ડર પોતાની જાહેરાત (૧૦.૫" X ૨.૫") સાથે કરાવી શકાય છે. (૨) પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુની નયનરમ્ય દિવ્ય તથા સુખદાયી મૂર્તિના કેલેન્ડર વહેલી તકે નોંધાવો. (૩) સંસ્થાના દરેક કેન્દ્રમાં કેલેન્ડરના ઓર્ડર નોંધાય છે.

Ghanshyam, July-2023. Published on 10-07-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.


























(૧-૩) પ્રિ-મુમુક્ષુ કેમ્પમાં લાભ (૪) વાસણ-વાંસવાથી પધારેલ હરિભક્તોને દર્શન (૫-૬) કેબિનેટ મંત્રી શ્રી ડૉ. કુબેરસિંહ ડિંડોર તથા દુબઈ ખાતે ભારતના રાજદૂત શ્રી અમનભાઈ પુરી તથા સુધાંશુભાઈ મહેતાને દર્શન આપતા વ્હાલા ગુરુજી (૭-૮) સંસ્થામાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી